સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

ઓગષ્ટ - ૨૦૦૭



ગુરૂપૂર્ણિમા મહોત્સવ
વડતાલ (૨૦૦૭)



શ્રીહરિકૃષ્ણ મહારાજ - વડતાલ

भवसंभवभीतिभेदनं सुखसंपत्करुणानिकेतनं ।
व्रतदानतप:क्रियाफलं सहजानंद गुरुं भजे सदा ॥




# શ્રી સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૩, અંક :- ૨, તા. ૨૦-૮-૦૭

:: સંસ્થાપક ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી
આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ
:: અધ્યક્ષ ::
પ.પૂ. ૧૦૮ શ્રી
ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ
:: પ્રયોજક ::
પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર વતી
કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી
:: તંત્રી ::
સાધુ દિવ્યસ્વરૂપદાસજી
:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોબ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચીસ વર્ષ લવાજમ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 130 U.S.A. |
| | : £ 100 U.K. |



:: લવાજમઅંગે ગ્રાહક પત્રવ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.chintansardhar.com
www.sardhar.org
E-mail : amrutdhara2003@yahoo.com




## "ઝૂલીયે રંગીલે લાલ, રતન હિંડોરના..."

शुचौ मासि प्रतिपदि द्वितीयायां च वा तिथौ । वृषराशेश्चन्द्रबले स्थाप्या दोला स्वलङ्कृता ॥१७॥
सायाह्ने प्रत्यहं कृष्णं बालं तत्र निधारयेत् । नीराजयित्वा द्वे नाड्यौ भक्त आन्दोलयेत्ततः ॥१८॥

"અષાઢ માસમાં કૃષ્ણ પક્ષની પ્રતિપદા તિથિમાં અથવા બીજને દિવસે વૃષભરાશિવાળા બાલમુકુન્દ ભગવાનનું ચન્દ્ર બલ જે દિવસે હોય તે દિવસે સમલંકૃત કરેલો હીંડોળો સ્થાપીને સાયંકાલે તેમાં બાલકૃષ્ણને પધરાવીને તેમાં તેમની આરતી કરે. પૂજારી દરરોજ આ પ્રકારે સંસ્થાપીને બે ઘડી પર્યન્ત આંદોલન કરીને પછી ઉતારે." (શ્રીમદ્ સત્સંગિજીવન : ૪/૬૧/૧૭-૧૮)

## :: અનુક્રમણિકા ::


૧ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને ગુરુવંદના... ૦૨
- પાર્ષદ રસિક ભગત ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૨ પરમ પૂજ્ય ધર્મ ધુરંધર એટલે શું ? ૦૪
- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા ખુશાલ ભગત - સરધાર

૩ આચાર્યોશ્રીઓની સાથે વિવેક-મર્યાદાઓ ૦૬
- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા ખુશાલ ભગત - સરધાર

૪ એ વાણી વડે હું પ્રભુ સાથે વાતો કરીશ... ૦૯
- પાર્ષદ ખુશાલ ભગત ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૫ ***Lord Nilkanth At Loj First Time On*** ૧૦
- સાધુ જ્ઞાનવલ્લભદાસ ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૬ વિજ્ઞાન બહાર દોડે છે, અધ્યાત્મ અંદર ખોજે છે ૧૨
- સાધુ યોગેશ્વરદાસ ગુરુઃ પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૭ આત્યંતિક કલ્યાણ ૧૬
- સદ્ગુરુ સ્વામી શ્રી નંદકિશોરદાસજી - ભૂજ

૮ સર્વોપરી-સર્વાવતારી પારમૈશ્વર્યભાવ દર્શન ૧૮
- સાધુ જ્ઞાનવલ્લભદાસ ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૯ વાણીમાં વિવેક જરૂરી છે ૨૦
- સાધુ નિર્દોષસ્વરૂપદાસ ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૧૦ ***Lord Swaminarayan*** ૨૨
- Umang M. Chandan - Dombivali

૧૧ રઘુવીર વાડી - વડતાલ ખાતે ઉજવવામાં આવેલ ભવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવ - 2007 ૨૬
- અહેવાલ : સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી-વડતાલ તથા સાધુ અમૃતસ્વરૂપદાસજી - સરધાર

૧૨ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સમગ્ર સત્સંગ સમુદાયને આપેલા શુભાશીર્વાદ... ૨૭

૧૩ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ આપેલા શુભાશીર્વાદ... ૨૮

૧૪ પ.પૂ. નાનાલાલજી શ્રી પૂષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું મંગળ ઉદ્બોધન.... ૨૯

૧૫ સત્સંગ સમાચાર પત્રિકા... ૩૦
અહેવાલ :- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી-વડતાલ તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર



# ૫૯મા જન્મજયંતિ પ્રસંગે...

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં દક્ષિણ વિભાગ દેશના આશ્રિતોના ગુરુપદે બિરાજમાન આપણા

# પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને ગુરુવંદના...

❑ પાર્ષદ રસિક ભગત ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

પવિત્ર શ્રાવણમાસ, જેમાં શ્રીકૃષ્ણ પરમાત્માનું પ્રાગટ્ય છે. જે માસમાં સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીનો જન્મછે. મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણીનો મેળાપ સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીને થયેલો છે. જે માસમાં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજનો જન્મછે, તેમજ શ્રીજીમહારાજના મોટાભાઈ પાંડે શ્રી રામપ્રતાપજી મહારાજનો જન્મછે. શ્રાવણ માસ પરમપવિત્ર છે જ, પરંતુ ઉપરોક્ત સંદર્ભોને કારણે આપણા માટે વિશેષ પવિત્ર ગણાય.

શ્રાવણ માસ દરમિયાન જપ, તપ, વ્રત, આરાધના, યાત્રા આદિક અત્યંત શીઘ્ર ફળદાયક થાય છે. જે માસમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે વન-વિચરણ સમાપ્ત કર્યું - વિનાયક ચોથ, નાગપાંચમ, જન્માષ્ટમી, શિવરાત્રિ વગેરે પરમમંગલમય દિવસો આ માસમાં આવે છે. સાધકવર્ગોનું કલ્યાણ કર્તા દિવસોથી ભરપૂર માસ એટલે શ્રાવણમાસ. સપ્તર્ષિ પૂજન, તર્પણ, બળેવ (રક્ષાબંધન) યજ્ઞોપવિત ધારણ કરવા માટે ઉત્તમદિવસ. આવા પવિત્ર શ્રાવણ માસમાં આપણાં વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું પ્રાગટ્ય થયેલું છે.

ઉપનિષદોમાં પણ ગુરુપરંપરા કહેવાની પદ્ધતિ પ્રતીત થાય છે.

'स ब्रह्मविद्यां सर्वविद्याप्रतिष्ठामथर्वाय ज्येष्ठपुत्राय

प्राह अथर्वा तां पुरोवाचांङ्गिरे ब्रह्मविद्याम् ।'

સર્વવિદ્યાઓના ઉત્કૃષ્ટ સ્થાનરૂપ જે બ્રહ્મવિદ્યા બ્રહ્માજીએ પોતાના મોટા પુત્ર અથર્વાને કહી હતી તે બ્રહ્મવિદ્યા અથર્વાએ અંગિરાને કહી.....એ પ્રમાણે આ લોકમાં બ્રહ્મવિદ્યા પ્રવર્તેલી છે. (મુ.ઉ.૧/૨)

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર પણ કહે છે :

'इमं विवस्वते योगः प्रोक्तवानहमव्ययम् ।

विवस्वान् मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ।।'

આ અવિનાશી યોગ મેં પૂર્વે વિવસ્વાન્(સૂર્ય)ને કહેલો હતો તેમણે મનુને કહ્યો અને મનુમહારાજાએ પોતાના પુત્ર ઈક્ષ્વાકુ ને કહ્યો હતો. (ગીતા અ.૪/૧)

એવી રીતે ગુરુપરંપરા કહી છે. સ્વયં ભગવાન શ્રીહરિ પણ કહે છે : "...ગુરુપરંપરા અવશ્ય જાણવી." (વચ. વ. પ્ર. : ૧૮)

હે પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી ! આપ પરંપરાગત પદને હાલના (વર્તમાન) સમયે ધારણ કરો છો અને શોભાડો છો. આપશ્રી તો દેહાભ્યાસ અને સર્વ ઉપાધિઓ મટાડો છો, શત્રુ-મિત્ર, મારા-તારાનો ભેદ ટાળો છો. કામ, ક્રોધ, લોભ અને મોહનો વિનાશ કરો છો. અધમને ઉદ્ધારે - શરણાગતને ઉગારે - આત્માની ઉન્નતિ કરે અને મનને મારે તે શાસ્ત્ર દૃષ્ટિએ સાચા ગુરુ કહેવાય છે.

આપના દર્શન કરીએ તો આંખના પાપ બળી જાય, આપની વાત સાંભળીએ તો કાનના પાપ બળી જાય, આપના

ગુણ ગાવાથી જીભના પાપ બળી જાય, આપના દર્શનથી લાખો મુમુક્ષુ જીવાત્માઓને શાંતિ થાય છે, આપના દર્શનથી દોષમાત્રનો નાશ થાય છે. આપનું સ્વરૂપ મનુષ્ય જેવું જણાય છે. પણ લાખોના આત્યંતિક કલ્યાણ કરવા આપ સમર્થ છો. આપનું નામસાંભળતા આનંદની છોળું છૂટે છે. આપની ભક્તિરૂપી દોરીથી સાક્ષાત્ પરમાત્મા શ્રીહરિ બંધાયેલા છે. આપનામાં અનંત કલ્યાણકારી ગુણ રહ્યા છે. આપશ્રીની કેવળ સ્મૃતિમાત્રથી જ દુ:ખ અને પાપના સમૂહનો નાશ થાય છે. આપની પ્રત્યેક ક્રિયા ધર્મનું પોષણ થાય તેવી જ હોય છે. આપની પ્રત્યેક ક્રિયા અધર્મનો નાશ કરવાની હોય છે.

'હું કોણ છું ?' 'ક્યાં જવાનો છું ?' 'કોનો છું ?' આ સમજણ અમને કરાવો છો, શાસ્ત્રનો સાર સમજાવો છો, વેદ-વેદાંતોનો ભેદ જાણો છો તેમજ મોક્ષના દાતાર બનો તેવા ગુરુદેવ-પ્રભુ સમાન દેવના દેવ છો, એવા ગુરુને કોટિ કોટિ વંદન છે.

મહારાજશ્રી એ મહારાજશ્રી,... એમની 'ઉપમા' કોઈને દેવાય નહિ. એટલે જ સંસ્કૃત સાહિત્યમાં એક સૂક્તિ છે :

'राम रावणयोर्युद्ध इव रामरावणयोर्युद्धं
सागरः सागरोपमः कल्पकरोरिव कल्पतरुः'

''રામઅને રાવણનાં યુદ્ધ જેવું બીજું કોઈ યુદ્ધ ન કહેવાય અને સાગર જેવું કોઈ વિશાળ ન કહેવાય. તેમજ કલ્પતરુને પણ કોઈની ઉપમા ન દેવાય.''

ચિંતામણીને કોની ઉપમા દેવાય ? અમૃતને કોની ઉપમા આપવી ? મળીયાગર ચંદનને ક્યા ચંદનની ઉપમા આપવી ? કામધેનુ ગાયને કઈ ગાય સાથે સરખાવવી ? સૂર્યનાં તેજને કોની ઉપમા આપવી ? ગરુડજીની ગતિને કોની ઉપમા આપવી ? વેદને કોની સાથે સરખાવવા ? ઐરાવત હાથી, ઉચૈશ્રવા ઘોડો આદિકને કોની સાથે સરખાવશું ? એજ રીતે આપણા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને કોની સાથે સરખાવીશું કે એમને કોની ઉપમા આપીશું ? અર્થાત્ આપણા મહારાજશ્રી એ મહારાજશ્રી જ છે. જેમપરમાત્માના ગુણો જેવા છે તેવા ગુણોનું ગાન શેષજી એક હજાર મુખથી હંમેશા ગાયા કરે છે તો પણ પાર આવતો નથી. એજ રીતે આપણાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ગુણો, તેમની ગુરુપણાંની કર્તવ્યનિષ્ઠા, દાસત્વની કોમળતા, ભક્તપણાની પરાકાષ્ઠા, શરણાગતિની શ્રદ્ધાને કોઈપણ અન્ય ગુણો સાથે સરખાવી શકાય નહિ. ફરી એકવાર શ્રી લક્ષ્મીનારાયણ દેવ, વડતાલ દેશ દક્ષિણ વિભાગના પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૫૯મા જન્મજયંતિ પ્રસંગે તેઓશ્રીના શ્રીચરણોમાં કોટિ કોટિ વંદના સહ જય શ્રી સ્વામિનારાયણ...

**ખાસ નોંધ** :- પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાગટ્યદિન આગામી તા. ૩-૯-૦૭, શ્રાવણ વદ - ૭ (શીતળા સાતમ)ના રોજ આવે છે. જેની ઉજવણી શ્રી સ્વામિનારાયણ મંદિર - અમરેલી (પાણી દરવાજા) ખાતે પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં ધામધૂમપૂર્વક ઉજવવામાં આવશે. તો દરેક ભક્તજનોને આ દિવસે આપણા પ.પૂ. સનાતન ધ.ધુ. ધર્માર્તંડ આચાર્ય ગુરુદેવના જન્મોત્સવનો અનેરો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.





શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીના
શુભ નામ આગળ લગાડવામાં આવતું વિશેષણ

# પરમ પૂજ્ય ધર્મ ધુરંધર એટલે શું ?

❑ સાધુ અમૃતસ્વરૂપદાસ તથા ખુશાલ ભગત - સરધાર

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીજીમહારાજ દ્વારા પ્રસ્થાપિત આચાર્યશ્રીઓના નામ આગળ 'પરમ પૂજ્ય ધર્મ ધુરંધર' (ટૂંકમાં પ. પૂ. ધ. ધુ.) વિશેષણ અચૂક લગાડાય છે. તેનો અર્થ પણ સુજ્ઞ ભક્તજનોએ સમજવો જોઈએ.

શ્રી વૈષ્ણવ સંપ્રદાયના પાયાના કેટલાક સિદ્ધાંતો સ્વીકારીને સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીએ ઉદ્ધવ સંપ્રદાયનું પ્રવર્તન કર્યું. ગુરુવર્ય રામાનંદ સ્વામીએ સૌપ્રથમવાર ધર્મદેવને પ્રયાગરાજ (અલ્હાબાદ)માં મળ્યા ત્યારે ધર્મદેવને અન્ય મુમુક્ષુઓને શરણમંત્ર આપવાનો અધિકાર-આજ્ઞા આપેલ હતી. જેની નોંધ વૈરાગ્યમૂર્તિ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણીમાં લખતા કહે છે :-

'કહેજ્યો મંત્ર પ્રથમનો તેને રે, ભવસાગર તરવા તેને રે;
કરતા એહ મંત્ર નિત્ય જાપ રે, થાય અધિકારી નર આપ રે.'

(ભક્તચિંતામણી : ૧૩/૨૫)

પછી જ્યારે જેતપુરમાં સં. ૧૮૫૮ કારતક સુદ - ૧૧ના રોજ ગુરુવર્ય રામાનંદ સ્વામીએ આ ધર્મની ધુરા શ્રી સહજાનંદ સ્વામીને આપી અને કહ્યું :-

'મારો મનોરથ સર્વે સારો રે, કહું વચન તે રુદે ધારો રે;
તમ વિના ધર્મધુર જેહ રે, બીજા થકી ન ઉપડે તેહ રે.'

(ભક્તચિંતામણી : ૪૭/૫)

આ વાતને પણ શ્રીહરિલીલા પ્રદીપમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજશ્રી બતાવે છે :-

'त्वदीयधर्मधुर्वाहे शक्तोऽस्त्येव स नेतरः ।।'

"...હે ધર્મનંદન આ તમારી ધર્મધુરાનું વહન કરવામાં ધર્મવંશમાં ઉત્પન્ન માણસ જ શક્તિમાન છે બીજો કોઈપણ શક્તિમાન નથી."

(શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.- ૯, શ્લો.-૧૩)

આ જ પ્રમાણે ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે અંતર્ધાન થવાનો સંકલ્પ કર્યો ત્યારે આ ધર્મની ધુરા પોતે પિતા ધર્મદેવના બીજા બે પુત્રો મોટા રામપ્રતાપભાઈ અને નાના ઈચ્છારામભાઈ, એમના પુત્રો અનુક્રમે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને શ્રી રઘુવીરજી મહારાજને સોંપી :-

'કીધા દત્તપુત્ર પોતે દોય, અવધ્યપ્રસાદ રઘુવીર સોય; આપી
ગાદી આચારજ કીધા, તેને મંદિર દેશ વહેંચી દીધા.'

(ભક્તચિંતામણી : ૯૧/૪૬)

'સ્થાપ્યા દત્તપુત્ર પોતે સ્થિર રે, અવધપ્રસાદ ને રઘુવીર રે;
તેને આપે કર્યા આચારજ રે, કરવા બહુ જીવનાં કારજ રે'

(પુરુષોત્તમપ્રકાશ : ૩૭/૧૦)

આ વાતની નોંધ લેતા શ્રીહરિલીલામૃત ગ્રંથમાં પ.પૂ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી લખે છે :-

'પછી સદ્‌ગુરુઓ બોલાવ્યા, મોટા સત્સંગીઓને તેડાવ્યા;
પૂછી સર્વને સંમતિ એવી, કેને ધર્મતણી ધુર દેવી.
ઊભા પશ્ચિમાભિમુખે નાથ, પાટ દક્ષિણમાં ડાબે હાથ;
તહાં બેસાર્યા શ્રી રઘુવીર, જાણી ધર્મ ધુરંધર ધીર.
પાસે ઉત્તરમાં બીજી પાટ, માંડેલી બીજા પુત્રને માટ;
ત્યાં અયોધ્યાપ્રસાદ બેસાર્યા, મહા ધર્મ ધુરંધર ધાર્યા.'

(શ્રીહરિલીલામૃત : ૮/૪૬)

આમ, આ આચાર્યપદનું સ્થાપન એ કોઈ રાજગાદીનું હસ્તાંતર નથી, પરંતુ ધર્મની ગાદીનું હસ્તાંતર છે. આ ધર્મની ગાદીનો ભાર વહન કરવો તે સામાન્ય જીવનું કામ નથી. આ જીવ ગમે તેવો બળીઓ હોય તોપણ પ્રત્યક્ષની આ ગાદીનો ભાર ઉપાડવો મુશ્કેલ છે. અને ધર્મકુળ આ ભાર વહન કરવા સક્ષમ છે. કારણ કે તેમને તો ભગવાન શ્રીહરિના વચનનું

પાઠબાળ છે.

શ્રીજીમહારાજના વચનને બળે કરીને તેઓ આ ભગીરથ કાર્ય કરી રહ્યા છે. ભગવાન શ્રીહરિ ગઢડા મધ્ય પ્રકરણના ૧૬મા વચનામૃતમાં કહે છે :- "...માટે સર્વે ધર્મ ભગવાનની મૂર્તિને આધારે રહે છે, તે સારું ભગવાનને ધર્મધુરંધર કહ્યા છે." શ્રીજીસ્થાપિત આચાર્યશ્રી પણ ભગવાન શ્રી સ્વામિનારાયણનું જ અપર સ્વરૂપ છે. તેથી તેમને ધર્મ ધુરંધર તરીકે ઓળખવામાં આવે છે. ભગવાન શ્રીહરિએ તેમનું સ્થાપન ધર્મની રક્ષા કરવાને અર્થે કર્યું છે. તે આજ્ઞાની નિરંતર સ્મૃતિ માટે તેઓ ધર્મ ધુરંધર કહેવાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વડતાલ પ્રકરણના ૧૧મા વચનામૃતમાં કહે છે :- "અમારો તો એવો સ્વભાવ છે કે એક તો ભગવાન ને બીજા ભગવાનના ભક્ત ને ત્રીજા બ્રાહ્મણ ને ચોથો કોઈક ગરીબ મનુષ્ય, એ ચારથી તો અમે અતિશે બીયે છીએ જે, 'રખે એમનો દ્રોહ થઈ જાય નહિ.' અને એવા તો બીજા કોઈથી અમે બીતા નથી. કેમજે એ ચાર વિના બીજાનો કોઈક દ્રોહ કરે તો તેના દેહનો નાશ થાય પણ જીવ નાશ પામે નહિ. અને એ ચારમાંથી એકનો જો દ્રોહ કરે તો તેનો જીવ પણ નાશ પામી જાય છે." પ.પૂ. આચાર્યજીમહારાજશ્રી તો ઉપર જણાવ્યા પ્રમાણે શ્રીજીમહારાજનું અપરસ્વરૂપ છે. તે માટે કહેવાયું છે :-

'आचार्यात् हरिः नहि भिन्न विद्यते ।
आचार्यैव हरिः हरिरेव आचार्यः ।।
आचार्यैव हरेः अपरः स्वरुपः ।
ईति यस्य मतिः परमार्थ गतिः ।।'

"આચાર્ય તે જ ભગવાન શ્રીહરિનું અપર સ્વરૂપ છે અને શ્રીહરિ છે તે જ આચાર્ય સ્વરૂપે છે, પરંતુ બંને જુદા નથી એકજ છે. એ પ્રમાણે જેની સમજ થઈ છે તેની પરમાર્થ (મોક્ષ)ની ગતિ છે. એવો પુરુષ જ ભવસાગર તરીને આત્યંતિક કલ્યાણને પામે છે."

વળી કુળે કરીને બ્રાહ્મણ છે અને તેમાંય તે કુળની તોલે અન્ય કોઈ ન આવે તેટલું શ્રેષ્ઠ કુળ ! તેમજ ભગવાનના ભક્ત (હરિભક્ત) છે અર્થાત્ ભગવાન શ્રીહરિને વિષે અચળ નિષ્ઠાવાળા છે. શ્રીહરિલીલા પ્રદીપમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજશ્રી કહે છે :-

'धर्मवंशीयतुल्योऽन्यो न वै स्यात् कोऽपि धर्मज ।'

"હે ધર્મનંદન ! ધર્મવંશી તુલ્ય અન્ય કોઈપણ હરિભક્ત ન થાય." (શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.-૯, શ્લો.-૧૩)

અને સ્વભાવથી તો હંમેશાં ગરીબ છે જ. તે સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી પુરુષોત્તમ પ્રકાશમાં કહે છે :-


'ધર્મવંશી તે ધર્મમાં રહેશે રે, અધર્મ વાતમાં પગ ન દેશે રે;
માટે ધર્મવાળા જીવ જોઈ રે, કર્યા છે મેં આચારજ દોઈ રે;
એહ અધર્મ નહિ આચરશે રે, ઘણું અધર્મ સર્ગથી ડરશે રે;'

(પુરુષોત્તમપ્રકાશ : ૩૯)

શ્રીજીમહારાજ અમદાવાદ પ્રકરણના ત્રીજા વચનામૃતમાં કહે છે:- "...અયોધ્યાવાસી તો બહુ વિશ્વાસી છે, માટે કોઈ કપટી હશે તો તેમને છેતરી જશે..."

આમ ચારેય ગુણનો સમાવેશ એક જ વ્યક્તિમાં થતો હોઈ તે વ્યક્તિ પૂજ્ય તો છે, એટલું જ નહિ, પરંતુ પરમ પૂજ્ય છે. અર્થાત્ પૂજ્યતાની ભાવનાની ચરમસીમા છે. જો ઉપરનામાંથી કોઈ એકાદનો પણ અપરાધ ન થઈ જાય તેની કાળજી સ્વયં ભગવાન શ્રીહરિ રાખતા હોય તો, ચારેય ગુણ જેમાં છે તેવી એક વ્યક્તિની સંભાવના શ્રીજીમહારાજ પણ કેટલી બધી કરે ! અને તેથી શ્રીહરિલીલા પ્રદીપમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજશ્રી બતાવે છે :-


'भक्ताः मद्गौरवस्थाने स्थापितौ सद्गुणालयौ ।
ेशिकौ मद्वदेवैतौ मान्यौ सर्वैर्मदाश्रितैः ।।'



"મારા ગુરુપણાના સ્થાનમાં સદ્ગુણના સ્થાનરૂપ સ્થાપન કરેલા તે બંને આચાર્યોને મારી માફક જ સર્વે મારા આશ્રિતાએ માનવા." (શ્રીહરિ લીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.-૧૦, શ્લો.-૩૩)

તેથી બંને આચાર્ય મહારાજશ્રી મારા

અનુસંધાન પાન નં. ૧૫ પર



## શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય

# આચાર્યશ્રીઓની સાથે વિવેક-મર્યાદાઓ

❑ સાધુ અમૃતસ્વરૂપદાસ તથા ખુશાલ ભગત - સરધાર

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્થાપેલ આચાર્યપદ એ ખુદ શ્રીજીમહારાજનું જ અપરસ્વરૂપ છે. તે માટે આચાર્યશ્રીઓનું પૂજન-અર્ચનાદિક તે ભગવાન શ્રીહરિ સ્વયં સ્વીકારે છે. જેની નોંધ વૈરાગ્યમૂર્તિ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી પુરુષોત્તમ પ્રકાશમાં લખતા કહે છે :-

'માટે એને પૂજે હું પૂજાણો રે, તે તો જરૂર જન મન જાણો રે;
એનું જેણે કર્યું સન્માન રે, તેણે મારું કર્યું છે નિદાન રે.'

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૦/૧૮-૧૯)

વળી શ્રીહરિલીલા પ્રદીપમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજશ્રી બતાવે છે :-

'सेविष्यंतेऽत्र ये त्वेतौ धान्यवासोधनादिभिः ।
अर्घ्यैर्नानाविधैरर्च्चां विधास्यंते तथैतयोः ।।
भक्तिधर्मादिसेवायास्तथा मत्सेवनस्य ते ।
फलं यास्यंत्यतिप्रीतिं तेषु यास्याम्यहं ध्रुवम् ।।'

"જે જનો બંને આચાર્યોની ધાન્ય-વસ્ત્ર-ધનાદિકથી સેવા કરશે તથા વિવિધ પ્રકારની પૂજાના ઉપચારોથી એ બંનેની પૂજા કરશે, તે જન ભક્તિ-ધર્માદિકની સેવાનું તથા મારી સેવાનું તે ફળ પામશે. તેના ઉપર હું નિશ્ચે અત્યંત પ્રસન્ન થઈશ."

(શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.- ૧૦, શ્લો.-૩૬-૩૭)

ઉપરોક્ત વાતનું સમર્થન આપતાં સદ્. શ્રી અચિંત્યાનંદ વર્ણી 'શ્રીહરિસંભવ મહાકાવ્ય'માં કહે છે :-

'मया गुरुत्वेऽधिकृतस्य पूजामत्रास्य मान्यस्य विधास्यते वः ।
स यो भवस्यैष्यति नीरराशेः सनाविकां नावमिवेत्य पारम् ।।'

"મારા (શ્રીજીમહારાજ) દ્વારા એ ગુરુપદ પર નિયુક્તિ કરાયેલા અને સર્વે જનોને માન્ય એવા આ ધર્મકુળની જે જનો પુષ્પ, ચંદન, વસ્ત્ર-અલંકાર વડે આ લોકમાં પૂજા કરશે તેઓ જેમ નાવિકવાળી હોડી દ્વારાએ સમુદ્ર પાર થઈ શકે છે તેમ આ ભવસાગરને પાર કરશે." (શ્રીહરિસંભવ મહાકાવ્ય : ૧૭/)

આ પ્રમાણે પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીનું પૂજનાદિક સેવા કરવાથી ભગવાન શ્રીહરિના પૂજન-સેવન તુલ્ય ફળ થાય છે. તેથી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં મુમુક્ષુજનોને ષડ્અંગી સંપ્રદાયની સાચી ઓળખાણ થયા બાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે કેવી રીતે વિવેક-મર્યાદા રાખવી ઘટે તે અંગે અત્રે જેનો કિંચિત્ માત્ર ઉલ્લેખ કરેલો છે તેને જોઈએ.

૦૧. શ્રીજીમહારાજ દ્વારા વડતાલ અને અમદાવાદ તે બંને ગાદીસ્થાન ઉપર સ્થાપેલ આચાર્યપદ ઉપર દેશ-વિભાગના સિદ્ધાંત પ્રમાણે બિરાજમાન હોય તે સિવાય બીજી કોઈપણ વ્યક્તિ ગમે તેવી બ્રહ્મનિષ્ઠ હોય તો પણ તેને આચાર્ય માનવા-મનાવવા નહિ.

૦૨. શિક્ષાપત્રી શ્લોક - ૨૩માં જણાવ્યા મુજબ માર્ગને વિષે ચાલતે થકે શિવાલય આદિક દેવમંદિર આવે તેને જોઈને નમસ્કાર કરવા. તેમ આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તો પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિનું સ્વરૂપ છે. માટે આવતા-જતા, જ્યારે તેઓશ્રી જ્યાં બિરાજમાન હોય ત્યાં તેઓશ્રીને આદરથકી નમસ્કાર કરવા.

૦૩. શિક્ષાપત્રી શ્લોક - ૩૫માં જણાવ્યા પ્રમાણે ગુરુ, શ્રેષ્ઠ મનુષ્ય, લોકમાં પ્રતિષ્ઠિત મનુષ્ય વગેરેનું અપમાન ન કરવું. આવું અપમાન મન-કર્મ-વચને કરીને ન કરવું અથવા તેઓના ગૌરવને હાનિ પહોંચે તેવું કાર્ય ન કરવું. શ્રીજીમહારાજ સારંગપુર પ્રકરણના બીજા વચનામૃત માં કહે છે : "પોતાથી કોઈ મોટેરા હોય અને જો તે વાદ-વિવાદમાં હારી જતા હોય તો તેવે વખતે પોતે હારીને રાજી થવું, પણ મોટા પુરુષને ભોંઠપ થાય તેમન વર્તવું." પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તો પોતાના ગુરુ છે, વળી અતિશય શ્રેષ્ઠ મનુષ્ય છે. કારણ કે 'જેવું

અમારું કુળ મનાશે, તેને તુલ્ય બીજું કેમ થાશે.' ધર્મવંશના કુળ જેવું અન્યનું કુળ ક્યાંથી ? અને સંપ્રદાયની ગાદીના આચાર્ય પણ છે તેથી આ લોકમાં પ્રતિષ્ઠિત મનુષ્ય પણ છે. તેથી જો તેમાંના એકનું અપમાન ન થાય તો, ત્રણેય વ્યક્તિઓ જ્યારે એક જ હોય ત્યારે તો તેમનું અપમાન કરવાથી ત્રણ ઘણો દોષ લાગે છે. આજ બાબત આપણને ફરી વખત શિક્ષાપત્રી શ્લોક - ૬૯માં કહે છે :- "...ઈત્યાદિક ક્રિયાઓથી એમનું સન્માન કરવું." જ્યારે કોઈ એક જ બાબત આપણને હકારાત્મક અને નકારાત્મક એમ બંને રીતે જણાવી હોય ત્યારે તેનાથી વિરુદ્ધની એક જ ક્રિયા એકી સાથે બે કલમોને ઉલ્લંઘે છે તે ધ્યાનમાં રાખવું જરૂરી છે. માન-અપમાન કોને કહેવાય તે સમજવું પણ જરૂરી છે. પહેલાંના જમાનામાં ગાયકવાડ, નિઝામ, મોગલ કે મરાઠા સમ્રાટોના દરબારમાં જવું હોય તો ત્યાં મુંજરો(રાજ-સત્કાર) કેવી રીતે કરવો, કેવી રીતે નમન કરવું, કેવી રીતે ભેટ-સોગાદ મૂકવી તેની ખાસ તાલીમ જરૂરી બનતી. આ તો આ લોકના રાજા-મહારાજાઓની વાત થઈ. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તો આપણા કલ્યાણના પ્રદાતા છે. તેમની આગળ તો અધિક વિવેક રાખવો, તેઓશ્રીની આગળ ગમે તેમ બેસવું નહિ, મોટેથી બોલવું નહિ, અન્ય બિનજરૂરી વાતો કરવી નહિ, દંડવત પ્રણામકરીને ચરણસ્પર્શ કરીને જ બેસવું. (સભા પ્રસંગે તો શક્ય હોય ત્યારે ચરણસ્પર્શનો આગ્રહ રાખવો, નહિતર તો દૂરથી જ નમસ્કાર કરીને સભામાં બેસવું જોઈએ.) તેઓશ્રી ઊભા હોય ત્યાં સુધી બેસવું નહિ. જેમ સધવા સ્ત્રી હોય તે પોતાના પતિની સાથે હોય અને ચૂડી ચાંદલા વગરની હોય તો કેવું લાગે ? તેમ આપણે પણ જ્યારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને દર્શને જવું ત્યારે અચૂકપણે કંઠી-તિલક-ચાંદલો રાખવા જ. આમ, નાની નાની બાબતમાં પણ ચીવટ રાખવી જરૂરી છે.

૦૪. શિક્ષાપત્રીના શ્લોક - ૩૭માં જણાવ્યા મુજબ ગુરુ, દેવના દર્શને ઠાલે હાથે ન જવું. આપણે ફળ-ફૂલ-ધન-ધાન્ય વગેરે કંઈ ન હોય તો, તેમને દંડવત્ પ્રણામકરીને બે હાથ જોડીને નમસ્કાર કરવા. આપણે એક પૈસો મૂકીએ છીએ કે એક લાખ રૂપિયા તે મહત્ત્વનું નથી, પરંતુ અગત્યનું તો ભગવાન શ્રીહરિની આજ્ઞાનું અનુસંધાન છે.

૦૫. શિક્ષાપત્રીના શ્લોક - ૩૮ પ્રમાણે પોતાના અંગ દેખાય તેવા વસ્ત્રો પહેરીને તેમના દર્શન કરવા ન જવું.

૦૬. શિક્ષાપત્રીના શ્લોક - ૬૯ પ્રમાણે ગુરુ આદિ જનો આવે ત્યારે સન્મુખ ઊઠવું, આસન આપવું, મધુર વચને બોલાવવું ઈત્યાદિક ક્રિયાએ કરીને તેમનું સન્માન કરવું. આપણે સભામાં કે ગમે ત્યાં બેઠા હોઈએ અને ત્યાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધારે ત્યારે ઊભા થઈ તેઓશ્રીની અદબ જાળવવી. અત્યારે તો કોર્ટમાં બેઠા હોઈએ અને ન્યાયાધિશ આવે ત્યારે સર્વેએ ઊભા થઈ તેઓનું સન્માન કરવું જ પડે છે, નહિ તો અદાલતના તિરસ્કાર બદલ આપણને સજા થાય. જો આ લોકમાં આટલી સજા હોય તો પરલોકમાં આનાથી વધુ સજા હોય ને ! શિક્ષાપત્રી શ્લોક - ૬૯નું ઉલ્લંઘન એ શ્લોક - ૩૫નું પણ ઉલ્લંઘન છે. આપણી એક જ ક્રિયા આપણને બબ્બે જગ્યાએ દોષિત ઠેરવે છે.

૦૭. શિક્ષાપત્રીના શ્લોક - ૭૦ મુજબ તેઓશ્રી સમક્ષ પગ ઉપર પગ ચઢાવીને કે વસ્ત્રે કરીને ઢીંચણને બાંધીને અસભ્ય રીતે બેસવું નહિ.

૦૮. શિક્ષાપત્રીના શ્લોક - ૭૧ પ્રમાણે તેઓશ્રીની સાથે ક્યારેય વિવાદ ન કરવો. પોતાને જો કંઈ કહેવું હોય તો બે હાથ જોડીને નમ્રતાથી એક જ વખત કહેવું અથવા તેમના નજીકના સેવકો મારફતે કહેવડાવવું. પરંતુ પોતાની વાત વારંવાર ઉગ્રતાથી રજુ ન કરવી. પોતાનું ધાર્યું કરાવવા ક્યારેય પ્રયત્ન ન કરવો. સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી પુરુષોત્તમ પ્રકાશમાં ભગવાન શ્રીહરિના શબ્દોને કંડારતાં લખે છે કે :-

'એહ કહે તેમ સહુ કરજ્યો રે, પૂછ્યા વિના પગ ન ભરજ્યો રે;



હાથ જોડીને રહેજ્યો હજુર રે, કરી ડહાપણ પોતાનું દૂર રે.

વાદ વિવાદ કરી વદને રે, એ શું બોલશો માં કોઈ દને રે;

એની વાત ઉપર વાત આણી રે, કે'દી વદશો માં મુખે વાણી રે.'

૦૯. શિક્ષાપત્રીના શ્લોક - ૭૨ મુજબ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને આવતા સાંભળીને આદર થકી તત્કાળ સન્મુખ જવું અને ગામમાંથી ફરીને પાછા પધારે ત્યારે વળાવવા જવું.

૧૦. શિક્ષાપત્રીના શ્લોક - ૭૧ અને શ્લોક - ૧૪૭ મુજબ પોતાની શક્તિ પ્રમાણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની સેવા-પૂજા કરવી.

૧૧. આપણે જ્યારે મંદિરના કે અંગત કાર્ય અંગે તેઓશ્રીને મળવા ગયા હોઈએ ત્યારે આ લોકના વ્યવહાર પ્રમાણે આગતા-સ્વાગતા, માન-સન્માન વગેરે જરા પણ અપેક્ષા રાખવી ઠીક નથી. તેઓશ્રી તો આપણા ગુરુ છે, ગુરુને આપણે કંઈક આપવું જોઈએ પણ તેમનું કંઈ લેવાય નહિ. પ્રસાદ નિમિત્તે જો કંઈ લેવું હોય તો એક આચમની પૂરતું અથવા એક ચપટીભાર પ્રસાદ જ લેવાય, અને તે લીધા પછી પણ ત્યાં બેઠાં બેઠાં તેઓશ્રીની રૂબરૂમાં જમાય નહિ, ઊભા થઈને બહાર જઈને જ તે પ્રસાદ લેવાય.

૧૨. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી જ્યારે ચાલતા હોય ત્યારે ચરણસ્પર્શ કરવાનો દુરાગ્રહ ન રાખવો. તેમ કરવાથી તેઓશ્રીને ચાલવામાં મુશ્કેલી પડે. નિયત સમયે નિયત જગ્યાએ પહોંચાય નહિ અને સમગ્ર કાર્યક્રમખોરવાઈ જાય. તેઓશ્રી જ્યારે સભામાં વિરાજમાન હોય ત્યારે લાઈનમાં ઊભા રહીને વારાફરતી દરેકને લાભ મળે તે રીતે ઝડપથી ચરણસ્પર્શ કરીને લાભ લેવો. તે સિવાય દૂરથી પણ જો મહિમાથી દર્શન કર્યાં હશે તો તેનું પણ પુણ્ય કંઈ ઓછું નથી !!

૧૩. રસ્તામાં આવતાં-જતાં તેઓશ્રીના નિવાસસ્થાન પાસેથી કે તેઓ જ્યાં બિરાજમાન હોય તેવા સ્થાન/ગામપાસેથી પસાર થવાનું થાય ત્યારે કસમયે રૂબરૂ દર્શનનો દુરાગ્રહ ન રાખતાં બહારથી તેઓશ્રીના દર્શન કરી શિક્ષાપત્રી શ્લોક - ૨૩ની આજ્ઞાનું અનુસંધાન રાખવું.

૧૪. ગૃહસ્થ ભક્તોએ પોતાને ઘેર વિવાહાદિ વ્યાવહારિક પ્રસંગોમાં પ.પૂ. મહારાજશ્રીની હાજરી હોવી જ જોઈએ એવો દુરાગ્રહ ક્યારેય પણ કરવો જોઈએ નહિ. જે હરિભક્ત બિમાર હોય તેને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી દર્શન દેવા પધારે ત્યારે પણ બીજી વાતોનો ત્યાગ કરીને પ.પૂ. મહારાજશ્રીના જ કૃપાવચનો દર્દીને તથા સર્વને સંભળાવવાનો આગ્રહ સવિશેષ રાખવો.

૧૫. સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી 'સત્સંગી સૌ પરમ વિવેકી...' નામના પોતાના ચાર પદના કીર્તનમાં અતિ સુંદર વિવેક જણાવતાં લખે છે :-

(૧) **આપત્કાળ પડે જો પોતાને, તો પણ હૃદયે વિચારી રે;**

**એ બેઉના ગુરુનું કરજ ન લેવું, મારા વચન ઉર ધારી રે.**

અર્થાત્ આપત્કાળમાં પણ તેઓશ્રી પાસેથી કોઈપણ જાતનું કરજ લેવું નહિ. નામવેરો વગેરે બાકી રાખીને પણ કરજ કોઈ કાળે, કોઈ રીતે ન કરવું.

(૨) **તેમ એ બેઉનાં વસ્ત્ર આભૂષણ,**

**કોઈ દિ' માગી ના લાવવાં રે;**

**તેમ તેહના વાહન ન લેવાં રે, જાણવા પૂજ્યા જેવા રે.**

**તેમ ત્રાંબાપિત્તળના વાસણ, આચાર્યના જે હોય રે;**

**મુક્તાનંદ કહે શ્રીમુખ વાણી, માગી ન લાવવાં સોય રે.**

અર્થાત્ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વાહન-વાસણ વગેરે તેમની માલિકીનું કંઈ પણ પોતે પોતાને સારું કે અન્ય કોઈના સારું ક્યારેય માગી લાવવાં નહિ.

(૩) **પોતાને ઘેર વિવાહ આદિ મંગળ કારજ હોય રે,**
**અમ ઉપર કંકોતરી તેની ક્યારેય ન લખવી કોય રે,**
**આચાર્ય કે મોટેરા સાધુ મંદિરના અધિકારી રે,**
**તે ઉપર કંકોતરી ક્યારેય લખવી નહિ એ વિચારી રે,**
**તેમજ મરણની કાળાખરી પણ ગુરુ હરિ પર ન લખાય રે,**
**લેણદેણ વ્યવહાર કર્યાથી જન અપરાધી થાય રે.**

એ નોંધવું જોઈએ કે ઉપરોક્ત (વિભાગ - ૨) કીર્તનના તેમના ચારેય પદની છેલ્લી પંક્તિમાં તેઓ જ લખે છે કે આજ્ઞાવચનો 'શ્રીમુખની વાણી'ના છે. અર્થાત્ તે વચનો સ્વયં ભગવાન શ્રીહરિના છે, નહિ કે માત્ર સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીના. કારણ કે શ્રીજીમહારાજે સ્વયં લખાવેલા પત્ર ઉપરથી જ મુક્તાનંદ સ્વામીએ આ કીર્તનના પદોની રચના કરેલી છે.

('ધર્મવંશી આચાર્યપદ'માંથી સંકલિત)






# એ વાણી વડે હું પ્રભુ સાથે વાતો કરીશ...

❑ પાર્ષદ ખુશાલ ભગત ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

હે
પ્રભુ
!...
આજે મને
સમજાયું છે કે
તારી સ્તુતિ કરતાં
પહેલા મારી વાણીને મારે શુદ્ધ
કરવી જોઈએ.
જે વાણી વડે હું તારી સાથે વાતો કરવા ઈચ્છું તે વાણી
સત્યકંદ, પવિત્ર અને મૃદુ હોવી જોઈએ.
જુઓ તો પ્રભુ !
કેટકેટલાં દોષોથી અમારી વાણી ખરડાયેલી હોય છે !
જોખમના ભયથી કે લાભની આશાથી અને ક્યારેક માત્ર
સામા પર રૂઆબ પાડવા અમે જૂઠું બોલીએ છીએ,
એકબીજા વચ્ચે ફૂટ પડાવીએ છીએ,
ટીખળ અને ઉપહાસ કરીએ છીએ,
વાદ-વિવાદ કે ચર્ચામાં ઊતરી પડીએ ત્યારે અમારો અવાજ
કટાક્ષ, કઠોરતા કે ક્રોધથી અમારા શબ્દો દઝાડે છે.
ઉતાવળ, અધીરતા અને અણસમજથી
અમે ગમે તેમ બોલી નાંખીએ છીએ
અને બીજાના હૃદયને આઘાત કરીએ છીએ,
ભાવ અને નિષ્ઠા વિનાનાં, જેમાં અમે હૃદય મૂક્યું નથી તેવા
ઠાલાં શબ્દો ઉચ્ચારીએ છીએ.
વચન આપીને પાળતા નથી.
સમય પસાર કરવા અમે નિરર્થક વાતોમાં
અનર્ગળ શક્તિ વેડફીએ છીએ.
અમારી ખામીઓ તો જાણતા નથી ને બીજાની ખામીઓની
ટીકા
કરીએ છીએ, અભિપ્રાય આપીએ છીએ, સરખામણી કરીએ
છીએ.
તેઓ શું કરે છે ને શું નહિ, તેની નકામી પંચાતમાં ઊતરીએ
છીએ.
વાક્પટુતાને જોરે અમે ખોટી વાતોનું પ્રતિપાદન કરીએ છીએ.
વાચાળ બની જરૂર વગર બોલતાં રહીએ છીએ.
સુષુપ્તિમાં રહી એકની એક વાત ફરી ફરી કરીએ છીએ.
બીજાની વાતો ક્યારેય તલ્લીનતાથી, એકચિત્તે સાંભળતા
નથી.
પ્રશ્ન પૂછીને, જવાબ સાંભળ્યા વિના, પોતાની વાત
ઉત્સુક્તાથી કહેવા માંડીએ છીએ.
અમારી સઘળી વાતોનું અમે જ કેન્દ્ર બની રહીએ છીએ.
પણ હું જો અંદરથી જરા શાંત બનું,
તો એક મારી આંતરીક શક્તિને કેવી વ્યર્થ બાબતોમાં
હું ખર્ચી નાખું છું, તેનું મને ભાન થાય,
અને હું મૌનનો મહિમા સમજી શકું.
તો પછી હું આવેગથી, અભાનપણે જે - તે બોલી ન નાખું,
જરૂરી લાગે ત્યારે જ, સાચું લાગે ત્યારે જ બોલું
દલીલના જોશમાં નહિ, પણ સામાને વાત પહોંચે એમ હોય
તો જ બોલું.
ચર્ચા-વિચારણામાં મારો ફાળો આપું, પણ મારી વાત
સાચી ને બીજા ખોટા, એવો દુરાગ્રહ ન રાખું.
સત્યવાત સ્વીકારતા શીખું.
પછી મારી વાણી સત્ય અને પ્રેમમાંથી જન્મશે
તે તિરાડ પાડનારી નહિ, પણ સાંધનારી
બનશે.
મારા શબ્દો મધુર અને હિતકર હશે, મારી
વાણી શુદ્ધ બનશે.
પછી એ વાણી વડે હું તારી સાથે વાતો
કરી શકીશ,
હે કરુણાનિધાન પ્રભુ !
મને વિશ્વાસ છે કે મારી એ
વાણીને સાંભળવા તું તત્પર
થઈશ...!!!





208th Year of

# Lord Nilkanth At Loj First Time On

## 21th August 1799 to 2007

❑ Khushal Bhagat Guru: - Swami Shree Nityaswarupdasji

The last session of the earth mission of the lord nilkanth is Loj. From Mangrol Lord Nilkanth come to Loj on 21th August 1799. After taking bath, He sat on the slab of the step-well and started. His mental worship (manshi pooja). The women folk who had come to fetch water from the well were attracted towards his bright face and took. Him to be the adept from the Himalaya. They were moved to see the heavy penance of yogi at such a young age as they could easily see the bones under the thin body of the Nilkanth. The body of the Nilkanth was very weak but his bright face glittered with the full essence of alluring attraction any one would like to admire.

In the meantime Shree Sukhanand Swami from the nearby Asharam had come to fetch water and he was very much impressed with the bright and alluring personality over the young yogi who he thought to be from out of the state. The brightness over the face of Varni revealed him to be the person of par Excellence. Sukhanand Swami had never come in touch with such an attractive and very smart young yogi sofar. He was attracted towards the lord as he iron bar would be attracted towards the powerful magnet.

Sukhanand Swami asked to Nilkanth about His whereabouts, pasents, Caste and belief and he invited Lord Nilkanth to accompany him to his Ashram where the prominent Saint Shree Muktanand Swami. He talked about his guru Shree Ramanand Swami who at present was in Bhuj-Kutch and there were fifty Saints in the Ashram at present under the guidance of Shree Muktananad Swami, a very dedicated Saint and the assistant of Guru Ramanand Swami.

Lord Varni come to the Ashram where the Leaders Muktanand Swami Welcomed him very warmly. Nilkanth accepted his offer to stay there with them until the time of the arrival of their Guru Ramanand Swami.

Shree Muktanand Swami named Lord as Sarjudas. Lord took over the work lord as

Sarjuda s. Lord took over the work of fetching water from the nearby well to bring firewood, to bring the dung and to serve the visitors and clean their vessels. Everyone was very happy to see the hard work done by sarjudas.

Sarjudas wished to go and meet Shree Ramanand Swami in Bhuj. Muktanand Swami advised

the Srajudas to wait as Guru was supposed to return soon from his mission of Kutch. He thought it was wise to write him a letter and make sure about his arrival.

Mayaram Bhutt took nearby seven days to reach Bhuj by foot and handled over the letters personaly to Guru who at that very time was talking about the arrival of the Lord from UP to take over from him. Ramanand Swami spoke out to the gathering. “As I was telling you that I am the drum beater, but the main Actor of the religious Drama will soon arrive and here comes the message of his arrival.”

Ramanand Swami had advised Muktanand Swami to take care of Saryudas to teach yoga to the every saints of the Loj Ashram and to take care of his health.

Varni was very happy and delighted to read the blessing letter from Guru and started obeying his orders from the immediate effect. He started yoga classesin the Ashram.


There was a small window between the kitchen of the Ashram and the neighbours Barber that was used to pass the coals and the fire for cooking. Varni made it closed, as it was not right way of the stay of the saints who had vowed to stay away fro m the women. Folk and even the householders.


Them there was a path, which was passing from the front of the Ashram Hall, which disturbed the meditation and even the mental worship of the saints, Again the saints were not supposed to allow the women folk in their compound unless emergency. The path was closed also.

During the reading and listening session men and women were sitting together even during the Aarti and other religious functions in the Ashram. Varni did not think to be in order. Separate sitting arrangements for men and women were done. The women folk were kept far from the saints and talking and touching of women for Sadhus came to and end.

Muktanand Swami was very much pleased with the new restrictions brought to order by Sarjudas.

***Jay Shree Swaminarayan...***





## આ સ્વપ્નવી દુનિયામાં

# વિજ્ઞાન બહાર દોડે છે, અધ્યાત્મ અંદર ખોજે છે

❑ સાધુ યોગેશ્વરદાસ ગુરુઃ પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

જયારે દેશનાં પુરૂષો વેપાર-ધંધામાં રચ્યાપચ્યા હતા...!

જ્યારે દેશની સ્ત્રીઓ ગૃહકાર્યમાં વ્યસ્ત હતી...!

જ્યારે દેશના ભૂલકાઓ રમત ગમતમાં મસ્ત હતા અને...

જ્યારે દેશના સેંકડો વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ શાળા, સ્કૂલ કે કોલેજના અભ્યાસમાં મશગૂલ હતા ત્યારે એ અભાગી દેશમાં, એકાએક લોહીની નદીઓ વહેવા લાગી. મડદાઓ અને હાડકાનાં ઢગલાં થવા માંડ્યા, નાસભાગ અને ચીસાચીસ થવા માંડી. ક્ષણવારમાં આ શી બીના બની ગઈ હશે? તે તમને ખબર છે ખરી? ક્યા અભાગી દેશ ઉપર આ આફત સર્જાઈ હતી? તે તમે જાણો છો ખરા? આટલુ બધું ક્રૂર અને હિંસાનું નગ્ન તાંડવ સર્જનાર કોણ હતું?

હિંસાના આ નગ્ન તાંડવનું સર્જન કરનાર બીજું કોઈ નહિ પરંતુ વિજ્ઞાન હતું... એકમાત્ર વિજ્ઞાન હતું. હિરોશીમાં અને નાગાસાકી ઉપર અમેરિકાની ક્રૂર સલ્તનત દ્વારા ફેંકાયેલ અણુબોમ્બે સર્જેલો આ હત્યાકાંડ હતો.

હિરોશીમાં ઉપર જેણે બોમ્બ ફેંક્યો તે પાયલોટ સેકંડની અંદર તો પાછો વળીને ભાગ્યો પણ તે વખત તેણે પાછળ જોયું કે કેવો સંહાર થઈ રહ્યો છે? તો તે આગ, ચીસો, હજારો શરીરોના આકાશમાં ઉડેલા કટકાઓ વગેરેને જોઈને ગાંડો થઈ ગયો. વર્ષો સુધી તે ગાંડાની હોસ્પિટલમાં રહ્યો. ત્યાં જ્યારે તેને તે દશ્ય યાદ આવતું ત્યારે તે ચીસો પાડતો, હાથ વગેરે ઉપર નખથી ઉઝરડા કરતો. માથાના વાળ ખેંચતો, ભીત સાથે માથુ પછાડી દેતો. હા... તે કદી સાજો થયો નહિ.

બીજા વિશ્વયુદ્ધમાં થયેલા અણુબોમ્બના ઉપયોગ પછી કોઈકે અણુ શક્તિના પ્રણેતા આલ્બર્ટ આઈન્સ્ટાઈનને સવાલ કર્યો કે તમારી શોધના થયેલા ઉપયોગ સંબંધમાં તમારે શું કહેવું છે?

જવાબ મળ્યો, ખૂબ પશ્ચાતાપ અનુભવુ છું જો ઈશ્વર મને ફરીથી જન્મ આપતો હોય તો હવે હું કોઈ પ્લમ્બરને ત્યાં જન્મ લેવા ઈચ્છું છું મને વૈજ્ઞાનિક બનવામાં કોઈ રસ નથી. હાય! હાહાકાર...

અણુ વિજ્ઞાની કેનેન બેઈનબ્રીજ હીરોશીમાં ઉપર બોમ્બ ફેંકવા માટે નીકળી ગયેલી ટુકડીને આકાશમાં પસાર થતી જોઈને તે બોલ્યા : "મને લાગે છે કે આપણે કૂતરીના પેટના કહેવડાવવાને લાયક છીએ."

એટમ બોમ્બના શોધકોમાના એક વર્તમાન વૈજ્ઞાનિક ઓપેન હાઈમર પ્રથમ બોમ્બની જ્વાળાઓ જોઈને બોલી ઉઠ્યા હતા : "અમે વૈજ્ઞાનિકો બ્રહ્માંડનાં અતિક્રૂર રહસ્યોને શોધવા જતા અજ્ઞાતના અંધકારભર્યા ઉંડા કૂવામાં ડોકિયુ કરતા નથી પરંતુ એ કૂવામાં સ્વયં ઉતરી ગયા છીએ ત્યાં ક્યારેક અમારૂ શું થશે? એ અમને જ સમજાતું નથી પણ આટલુ તો ચોક્કસ જણાય છે કે અંતરિક્ષોને અને અવકાશોને ભેદવાનું અમારૂ સાહસ ક્યારેક કોઈ અગમ્ય પરિબળો દ્વારા એવી જોરદાર લપડાક ખાશે કે કાયમ માટે ધરતીના પંથે પગે ચાલતા પથિક બની જવા સિવાય અમારી પાસે કશું જ બાકી નહિ રહે."

રાષ્ટ્રપિતા ગાંધીજીને પણ કોઈકે પૂછ્યુ હતુ કે, બાપુ! વિજ્ઞાનની ઈલેક્ટ્રિક, ટેલિફોન, ટ્રેન, વિમાન વગેરે હેરતભરી સિદ્ધિઓની આપ પ્રશંસા કરો ખરા કે નહિ? આ સવાલના જવાબમાં ગાંધીબાપુએ બેધડક કહી દીધું છે : " વિજ્ઞાનના સારા અંશોની પ્રશંસા હું જરૂર કરૂં. પરંતુ સમસ્ત વિજ્ઞાનની પ્રશંસા કરવાને મારૂં દિલ માનતુ નથી."

ગાંધીજીની વાત અક્ષરશઃ સાચી છે. વિજ્ઞાનના પ્લસ કરતા માઈનસ પોઈન્ટ પુષ્કળ છે. આખી માનવજાતનું નિકંદન નીકળી જાય તેવા શસ્ત્રોની શોધ કરીને તેનો ગંજાવર ખડકલો

કરી
દઈને વિજ્ઞાને સમગ્ર જીવરાશિને ભયમાં મૂકી
દીધી છે. ત્રીજુ વિશ્વયુદ્ધ હાઈટેકથી ખેલાશે. તેના રોકેટોમાં કોઈ માણસ નહિ હોય, દશ મિનિટમાં તો યુદ્ધની હાર-જીત નક્કી કરાશે. પહેલી મિનિટમાં ત્રણથી પાંચ કરોડ માણસોની લાશો પડી જશે. એને માટે અણુબોમ્બ કરતા હજારોગણા પાવરફુલ બોમ્બ બની ગયા છે. એથીય ભયાનક જન્તુ યુદ્ધ, ગેસ યુદ્ધ વગેરેના પ્લાન નંખાઈ ગયા છે.

આજના શિક્ષિતો અને શહેરીઓ ભલે કોમ્પ્યુટર યુગમાં જીવતા હોય પરંતુ જો તેમના જીવનમાં આજનાં વિજ્ઞાનના સાધનો શાંતિ અને ચિત્તની પ્રસન્નતા ન સ્થાપી શક્તા હોય તો તે વિજ્ઞાનને આશીર્વાદ રૂપ માનવુ કે અભિશાપ રૂપ?

ભારતના ઋષિઓ તત્ત્વજ્ઞાની હતા એનો અર્થ એ નથી કે તેમને જડ પદાર્થોના ચિંતનાદિમાં રસ ન હતો. અરે, અદ્‌ભુત જડ પદાર્થોનું પણ ચિંતન કર્યું છે.

જ્યારે યુરોપમાં હૃદય અને મગજ જુદા છે, તેની સૂઝ પણ નહોતી તે સમયે ઈ.પૂ. ૭૦૦માં ભારત દેશમાં સુશ્રુત, ભાર્ગવ, પુનર્વસુ અને આત્રેય જેવા ડોક્ટરો પ્લાસ્ટિક સર્જરી કરતા અને ભ્રૂણવિજ્ઞાન પર ચર્ચા કરી નિષ્કર્ષ પર આવતા! ૧૬મી સદીમાં જ્યારે કોપરનિક્સ અને ગેલિલિયોને પૃથ્વી ગોળ છે એ સત્ય પ્રકાશિત કર્યું તેના બદલામાં પોપ એલેકઝાન્ડરે કેદ અને મૃત્યુદંડ ફરમાવ્યો હતો. પણ કોપરનિક્સ પહેલા ૧૨૦૦ વર્ષ પૂર્વ ઈ.સ. ૪૦૦માં આર્યભટ્ટે ક્યારનુંય આ સત્ય ઉચ્ચારી દીધું હતું.

ન્યુટનના નામે ચડેલો ગુરૂત્વાકર્ષણનો નિયમ ભાસ્કરાચાર્યે સદીઓ પહેલા ઉચ્ચાર્યો હતો, તે કેટલા જાણે છે, આખીયે દુનિયાના હજારો વિદ્યાર્થીઓ એક સાથે ૪૨ પ્રકારની વિદ્યાઓમાં પારંગત થઈ શકે તેવી તક્ષશિલા અને નાલંદા ભારતીય વિદ્યાપીઠો હતી. જ્યાં ૧૦,૦૦૦ તો પ્રાધ્યાપકો (શિક્ષકો) રહેતા હતા. આ યુનિવર્સિટીની સંકલ્પના ભારતવર્ષનું જ સર્જન હતું

આજે વિકસી રહેલા વિમાનોથી માંડી અવકાશયાનો સુધીની રચનાઓ માટે ભારત પાસે પ્રાચીન ગણાય તેવા સેંકડો ગ્રંથો હતા જેમાંથી ભારદ્વાજ પ્રણીત ''યંત્રસર્વસ્વ'' જેવા ૬૮ ગ્રંથ આજે પણ ઉપલબ્ધ છે. તેની આપણને કેટલી જાણ છે?

જ્યાં સેકન્ડનો ૩૪,૦૦૦મો ભાગ 'ક્રતિ' કહેવાય ત્યાં સુધીની સૂક્ષ્મગણતરીઓ હોય એ દેશના યાજ્ઞવલ્કય, વિશ્વામિત્ર, કણાદ કે ચાણક્ય જેવા વિશારદો કેટલા વિચક્ષણ હશે!

યોગદશાથી તે બધુ સિદ્ધ કર્યું હતુ, હા, એટલુ ખરૂં કે વિજ્ઞાન કરતા આત્માભિમુખ તત્ત્વજ્ઞાનમાં તેમને વધુ રસ હતો, તેઓ આત્માના શુદ્ધિ કરણને મહત્વ આપતા હતા. સંસારથી મોક્ષ કરવાની તેમની મુખ્ય ચિંતા હતી. ના, એવી ચિંતા જડ પદાર્થોના વિવિધ આવિષ્કારોના વિજ્ઞાનમાં તેમને ન હતી.

પરદેશોએ 'બોમ્બ' બનાવવામાં ભલે અંજાવી નાખે તેવી પ્રગતિ કરી હોય, ભલે લાખો વૈજ્ઞાનિકોને પેદા કર્યા હોય પણ ભારત વર્ષે કરોડો સંતોને પેદા કર્યા છે એ વાત કોઈ ભૂલશોમાં, આ સંતોએ શત્રુઓની શત્રુતાઓનો જ ખાત્મો બોલાવી દઈને જાહેર કર્યુ છે કે ધરતી ઉપર બોમ્બ બનાવવાની કશી જરૂર નથી શત્રુતા ખતમ થઈ ગયા બાદ શત્રુ જ કોઈ નથી. બોમ્બ ક્યાં ફેંકશો?


પરદેશના વૈજ્ઞાનિકોને ભારતનું આ તત્વજ્ઞાન સમજતા હજી કદાચ એક સૈકો લાગશે. તેમના મગજના આસુરિતાનો ભભુકતો દાવાનળ જોતા લાગે છે.

આત્માભિમુખ તત્ત્વજ્ઞાન ભારતવર્ષને પ્રાપ્ત થયુ હતુ, આ તત્ત્વજ્ઞાન 'આત્મ' તત્ત્વની ઉપર ઉભુ છે. એનો પાયો જીવ છે.

બીજાઓને વિજ્ઞાન મળ્યું છે એનો પાયો જડ (પરમાણુ) છે. અહી 'જીવ' તત્ત્વના અસ્તિત્વનો ધરાર અસ્વીકાર છે.

તત્ત્વજ્ઞાનનું પ્રત્યેક સ્પંદન 'જીવ' તત્ત્વને બાજુ ઉપર મુકીને ધબકતું નથી 'જીવ'ની બાદબાકી થાય તો તત્ત્વજ્ઞાન એ 'તત્ત્વજ્ઞાન' મટી જાય.

પશ્ચિમના લોકો પાસે વિજ્ઞાન જનિત એટમબોમ્બ છે પણ તત્ત્વજ્ઞાન પ્રેરિત આતમબોમ્બની કોઈ ગતાગમનથી. તેમની પાસે વોર મીસાઈલો છે પણ ભારતીય તત્ત્વજ્ઞાનની ફેક્ટરીમાં બનેલા પીસ મીસાઈલો નથી. એટલે જ વિદેશના વૈજ્ઞાનિકો હાથીને મારવાની કલા જાણે છે પણ કીડીને જીવાડવાની કલાને જાણતા નથી. આ કલા તો તત્ત્વજ્ઞાનના ક્ષેત્રના ભારતીય વૈજ્ઞાનિકો (યોગીઓ) પાસે જ છે આ તેમની પેટન્ટ





છે કોઈ તે માલ બનાવી શકે તેમનથી.

પશ્ચિમના કરોડો બુધ્ધિજીવી માણસો તેમના અબજો રૂપિયા અને અબજો માનવકલાકો માનવજાતના દુઃખને દૂર કરવા માટે વપરાઈ રહ્યા છે. તમે તમારા દુઃખની વાત કરો અને વિજ્ઞાન તરત તે દૂર કરવા માટેની સામગ્રી ખડી કરી દેવા માટે પ્રયોગ શાળામાં દોડી જશે.

કોઈકે કહ્યું : રોટલી વણવામાં કંટાળો આવે છે.

તરત જ વૈજ્ઞાનિકોએ રોટલી વણવાનું યન્ત્ર તૈયાર કરી દીધુ.

કોઈકે કહ્યું : અંધજનોને આંખે વંચાતુ નથી. તરત વૈજ્ઞાનિકોએ બ્રેઈલ લીપી શોધી કાઢી.

કોઈકે કહ્યું : ટી.બી.ના રોગથી લાખો લોકો મરે છે.

તરત વૈજ્ઞાનિકોએ એ રોગને ધરતીમાં ધરબી દેતી દવા શોધી કાઢી.

શરીરના રોગો દૂર કરવા માટે એક્યુપ્રેશર અને એક્યુપંચરનું વિજ્ઞાન શોધાયું.

આત્માના દોષોનું નિવારણ કરતા એક્યુપ્રેશરો કેમ શોધતા નથી?

કોઈકને કામ, કોઈકને ક્રોધ, કોઈકને ખાવાની લાલસા, કોઈકને ધનની મૂર્ચ્છાનો દોષ ખૂબ સતાવે છે. હથેળીનો ક્યો સ્પોટ દબાવાય તો તે દોષ ખતમ થઈ જાય ? એ કેમ વૈજ્ઞાનિકો શોધતા નથી ?

અરે... ! ભલા ! પશ્ચિમની ધરતી પાસે મોક્ષલક્ષ, ધર્મલક્ષ નથી, પરલોકનો સ્વીકાર નથી એટલે દુર્ગતિ થવાની અને પાપથી ડરવાની કોઈ વાત નથી તે લોકોનું તમામ ચિંતન, મનન, લેખન, સંશોધન, વિકાસ, પ્રગતિ વગેરેમાં ક્યાંય આ બાબતો નહિ હોવાથી તેમના અર્થ અને કામ સાવ નિરંકુશ બનેલા છે. ત્યાં વંશ પરંપરાગત ચિંતનનો અમૂલ્ય વારસો નથી.

ટૂંકમાં કહુતો તે દેશોની મોક્ષ અને ધર્મનિરપેક્ષ જીવનશૈલીને કારણે તેઓ અનેક વિકૃતિઓથી ખદબદી રહ્યા છે. તેમને કુટુંબ વ્યવસ્થા, ભોજન નિયમો, આરોગ્ય, નારી ગૌરવ, ગર્ભતઃ સંસ્કરણ, શીલમહત્ત્વ, અતિથિ સત્કાર વગેરે કોઈ વાતનું ભાન ન હોવાથી તેમની પાસે સંસ્કૃત જીવનશૈલી અને સંસ્કૃતિ તથા સંસ્કારોની કોઈ અપેક્ષા રાખી શકાય તેમ નથી તે માત્ર કામ ભોગલંપટ અને ધન લંપટ પ્રજા છે.

વૈજ્ઞાનિક મગજમાં તો ન્યુટ્રોન અને કોબાલ્ટ જ વરસ્યા કરે, રોકેટો ઉડ્યા કરે, કે ચંદ્રલોકના સોહામણાં સ્વપ્ના આવ્યા કરે ! એને ક્યાં ખબર છે કે આંતર સંસારની સામાન્ય શક્તિ બાહ્ય સિદ્ધિઓને થૂં કરે તેવી છે.

પણ હવે એ તો વિચારવું જ પડશે કે આ સંસારમાં કામક્રોધ વગેરે દુર્ભાવોની લાગણીઓને ધૂળ ચાટતી કરીદે કે ધરાશાયી બનાવી દે તેવુ કોઈ વિજ્ઞાન છે કે નહિ ? તેવા વૈજ્ઞાનિકો ક્યાંય વસે છે કે નહિ ? દુષ્ટ દુર્વિકારોને નાશ કરવા શી રીતે ?

શાસ્ત્રકાર પરમર્ષિઓ ઉપાય બતાડે છે કે સદ્ભાવથી દુર્ભાવોનો નાશ કરો. પણ સવાલ એ છે કે આ બધા સારા ભાવો લાવવા ક્યાંથી ? હકીકત તો એ અનુભવવા મળે છે. કે દુર્ભાવોનો નાશ કરવા માટે જેમ જેમ સદ્ભાવોનો સંગાથ કરવા જઈએ છીએ તેમ તેમ દુર્ભાવોના હુમલા વધુ જોરદાર બનીને આવતા હોય છે.


આંખ મીંચીને એક રૂપવતી રૂપરમણીનું રૂપ જોવાનું બંધ કરવા જતા મીંચેલી આંખે દશ રૂપરમણીનાં રૂપ દેખાવા લાગે છે.

કામ, ક્રોધ વગેરે દોષોનો નાશ કરવા માટે સારા ભાવોની જરૂર છે. પણ સારા ભાવો શી રીતે જગાડવા ?

આ અનુભવજન્ય ફરિયાદ છે. એકાદ સાધકની નથી, ઘણા બધા સાધકોની છે.

વાત પણ તદ્દન સાચી છે, પોતાના પુરૂષાર્થે આંતર-જગતની ક્ષિતિજોને સર કરવા જતા ઘોર નિષ્ફળતા સિવાય બીજુ કશુ સાંપડતુ નથી. ભૌતિક જગતની સિધ્ધિઓ કદાચ પુરૂષાર્થ અને પુણ્યના બળથી હાંસલ થઈ જશે. પણ તે તત્ત્વો આંતરિક વિશ્વની ક્ષિતિજોને સર કરી આપવામાં નાકામિયાબ છે.

જો તમે ખરેખર આ સંસારનાં દુઃખો જ નહિ પણ વિકારોથી અત્યંત કંટાળ્યા હો, જન્મ લઈલઈને જો તમે થાકી ગયા હો, પાપ ભરેલા જીવનથી રિબાઈને થતા વારંવારના મરણોથી જો તમે વાજ આવી ગયા હો, અને એથી હવે તમે તમારી વિકારદશાને નાશ કરવા તલસતા હો, તો તમારે પંચવર્તમાને યુક્ત સંતના (વૈજ્ઞાનિક) પ્રસંગમાં આવવુ જ પડશે. આ અનુભવ સિદ્ધ તારણ છે.



અનુસંધાન પાન નં. ૫નું ચાલુ...

પૂજ્ય જ નહિ પણ પરમ પૂજ્ય છે. સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી તેમના કીર્તનપદમાં લખે છે :- 'તેમ તેહના વાહન ન લેવાં, જાણવા પૂજ્યા જેવા.' જેમના વાહન-વસ્ત્ર-અલંકાર પણ પૂજવા યોગ્ય છે, તો તે વ્યક્તિ પોતે કેટલી બધી પૂજનીય હશે! તે સહેજે જ કલ્પી શકાય તેમ છે. અને તેથી જ તેઓ પરમ પૂજ્ય છે.

ભગવાન શ્રી સહજાનંદ સ્વામી શિક્ષાપત્રી શ્લોક ૮૪માં કહે છે :- ''પંચદેવને પણ પૂજ્યપણે કરીને માનવા.'' આચાર્યશ્રી તો ભગવાન શ્રીહરિનું અપર સ્વરૂપ છે, દેવાધિદેવ છે તેથી તેમને અન્ય કરતાં વિશેષપણે પરમ પૂજ્યપણે કરીને જ માનવા જોઈએ.

તેઓશ્રીના શુભ નામની આગળ ૧૦૮ અથવા ૧૦૦૮નો અંક લખવાની જે પ્રણાલિકા છે તે પણ 'શ્રી'નો સૂચક છે. ૧૦૦૮ વખત 'શ્રી'થી યુક્ત એવું આચાર્યશ્રીનું નામ શુભ નામ છે તેવો ભાવાર્થ છે. શ્રી અર્થાત્ લક્ષ્મીજી, લક્ષ્મીજી અર્થાત્ ભગવાનના ભક્ત, તેના સંબંધવાળું આચાર્યપદ છે. હિન્દુ શાસ્ત્રો મુજબ નવનો અંક પૂર્ણ અંક ગણાય છે (૧+૮=૯) તેથી અનંત ગુણગણ વિભૂષિત 'શ્રી'ને આ પૂર્ણ અંક સાથે મેળવીને તેઓશ્રીના શુભ નામની આગળ '૧૦૦૮ શ્રી' લખવામાં આવે છે.

અસ્તુ...જય શ્રી સ્વામિનારાયણ.

('ધર્મવંશી આચાર્યપદ'માંથી સંકલિત)

અનુસંધાન પાન નં. ૧૭નું ચાલુ...

ઉતારનારા સત્પુરુષો એ પણ આત્યંતિક કલ્યાણના ચોથા આધારસ્તંભ છે. જ્યારે એવા સત્પુરુષો અભયદાન આપવાનું-જીવોનું આત્યંતિક કલ્યાણ કરવાનું કાર્ય કરતાં હોય ત્યારે એ પરમાત્માતુલ્ય કહેવાય છે; જેથી એમની પૃથક્ ગણના કરી નથી; પણ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં શ્રીમુખનાં વચન વિચારીએ તો જણાશે કે અભયદાન આપવાનું કાર્ય જ્યારે એ કરતા હોય ત્યારે એ પરમાત્માના પ્રતિનિધિ ગણાય છે અને તેથી જ શ્રી સ્વામિનારાયણ ભગવાને એવા સત્પુરુષોને ભગવાનની પ્રતિમાથી પણ અભયદાન આપવાના કાર્ય પૂરતા-જીવોને સત્સંગ કરાવી એકાંતિક કરી આત્યંતિક કલ્યાણ કરવાના કાર્ય પૂરતા-આગળ મૂક્યા છે. તે કહ્યું છે :-

''ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો; તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે. અને જ્યારે એવા સાધુ પણ ન હોય ત્યારે ભગવાનની પ્રતિમાને વિષે દૃઢ પ્રતીતિ રાખવી ને સ્વધર્મમાં રહીને ભક્તિ કરવી તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.''[૭] આ સ્થળે 'પ્રત્યક્ષ' એટલે પૃથ્વીમાં મનુષ્યરૂપે ન વિચરતા હોય ત્યારે-પોતે મૂર્તિ (પ્રતિમા) રૂપે, આચાર્ય રૂપે ને સચ્છાસ્ત્ર રૂપે પ્રકટ રહ્યા હોય ત્યારે- આવા સમયે પણ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું અભયદાન આપવાનું-શ્રીહરિજીના સ્વરૂપનું જ્ઞાન સમજાવવાનું કાર્ય એવા સત્પુરુષ કરે છે; તો પણ શ્રીજીએ સત્સંગીજીવનમાં એવું ન કહ્યું કે હું ચાર રૂપે પ્રકટ રહીશ-ત્રણ પ્રકારે પ્રકટ રહેવાનો સંકલ્પ કર્યો. સત્પુરુષો (ભગવાનને મળેલા સાધુ)ના અભયદાન આપવાના કાર્ય પ્રસંગે અભેદપણે વર્ણન કરેલું છે જેથી એમનો પૃથક્ નિર્દેશ કર્યો નથી; પણ આપણા આત્યંતિક કલ્યાણ માટે આ ચાર આધારસ્તંભો શ્રીસ્વામિનારાયણ ભગવાને સ્થાપ્યા છે. તો હવે એ દરેક અવલંબનનો વિચાર ક્રમશઃ કરીશું :-

---

(૩) નિષ્કુળાનંદકાવ્ય ભક્તિનિધિ કડવું ૧, ૧૪, ૧૫ તથા ૪૪

(૪) નિષ્કુળાનંદકાવ્ય સારસિદ્ધિ કડવું ૪૬

(૫) નિષ્કુળાનંદકાવ્ય સારસિદ્ધિ કડવું ૪૭


(૬) નિષ્કુળાનંદકાવ્ય સારસિદ્ધિ કડવું ૨૪

(૭) વચનામૃત વડતાલ ૧૦

ભગવાન શ્રી સ્વામિનારાયણે બે વખત દિવ્ય દર્શન દઈ જેમાં સર્વોપરી ઉપાસના અને અણિશુદ્ધ આજ્ઞાનું પ્રતિપાદન થતું હોય તેવો ગ્રંથ રચવાની આજ્ઞા કરી હતી એવો ગ્રંથ

# આત્યંતિક કલ્યાણ

❑ સદ્‌ગુરુ સ્વામી શ્રી નંદકિશોરદાસજી - ભૂજ



**પ્રકરણ ૬ઠું**

'ભક્તિ સરસ સહુ
કહે, પણ ભક્તિ ભક્તિમાં
ભેદ;
ભક્તિ પ્રભુ પ્રકટની, એમ વદે છે ચારે વેદ.
પરોક્ષ ભક્ત પામે નહિ, મન માની મોટી મોજ;
શાસ્ત્ર સર્વે શોધીને ખરી કરી લ્યો ખોજ.'

❖ ❖ ❖ ❖

'પ્રકટ પ્રભુની ભક્તિ અતિ ભલી જી,
કરી દિયે કામ એ જ એકલી જી;
એહ વિના બીજી છે ભૂલવાની ગલી જી,
જગમાં જે જે કે'વાય છે જેટલી જી.
જેટલી ભક્તિ જન કરે છે, પરહરી પ્રભુ પ્રકટને;
તેને ભક્ત કે'વો તે ભૂપની ખોટે,
જેમ પાટે બેસાર્યો મરકટને.
તેણે ફાળ ભરી ફળ જોઈને, કોઈને ન પૂછી વાત;
એમ પરોક્ષભક્તિ બહુ પેરની, લાખો લેખે ખાય છે લાત.'

❖ ❖ ❖ ❖

'વાલ્મીકે વખાણ્યા વાનરને, વ્યાસે વખાણિયા પશુપાળ; તે
પ્રકટભક્તિ પ્રતાપથી, વાધિયો જશ વિશાળ.
મોટે મોટે મળી મહિમા, ભાખ્યો ભક્તિનો ભારે બહુ; તે
ભક્તિ પ્રભુ પ્રકટની, સમજુ સમજી લિયો સહુ.
બીજી ભક્તિ જન બહુ કરે, તેમાં રહે ગમતું મનનું; પણ
પ્રકટ પ્રભુની ભક્તિમાં રહે ગમતું ભગવાનનું.
માટે કોઈને એ કરતાં ભાવ
થાતો નથી ભીતરમાં; પછી પ્રીત બાંધી ભક્તિ પરોક્ષમાં,
ઘણું આદરી બેઠાં ઘરોઘરમાં.
જિયાં આવ્યું જેને બેસતું, તિયાં ભળી થયા ભગત; એવે
ભક્તે આ બ્રહ્માંડ ભરિયું, એ પણ જાણવી વિગત.
સાચી ભક્તિ શ્રીહરિ સંબંધી, વર્ણવી વારંવાર; નિષ્કુળાનંદ
હવે નહિ કહે, સહુ સમજજો નિરધાર.'[૩]

પરમાત્મા પોતાના ભક્તની ભક્તિને વશ થઈ પોતાના દિવ્ય ધામમાંથી આ પૃથ્વી પર આવે છે ત્યારે જ આ જીવને પ્રકટ ભગવાનનો આશ્રય કરવાની પળ પાકે છે. મન-વાણીથી અગોચર એવા પરબ્રહ્મ પરમાત્મા કૃપા કરી આ પૃથ્વી ઉપર અવતાર લે છે, ત્યારે જ આ જીવ એમની ભક્તિ-ઉપાસના કરી શકે છે. પ્રકટ સૂર્યથી જ અંધકાર દૂર થાય; જળ પ્રકટ મળે, તો જ તૃષા નિવૃત્ત થાય; અન્ન પ્રકટ મળે તો જ ક્ષુધા ટળે; પણ સૂર્યની જળની કે અન્નની કેવળ વાતો કરવાથી અંધકાર, પિપાસા કે ક્ષુધા દૂર થતાં નથી; તેમ પરોક્ષ ભગવાનની કેવળ વાર્તા કરવાથી આ જીવનું આત્યંતિક કલ્યાણ થાય નહિ-એથી બીજબળ થાય, સંસ્કાર થાય; પરંતુ આ ને આ જન્મે મોક્ષ ન થાય. તે અનાદિમુક્ત સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ પ્રભાતપદમાં ગાયું છે :-

'પરોક્ષથી ભવ તણો પાર આવે નહિ;
વેદ-વેદાંત કહે સત્ય વાણી.'

પરોક્ષ ભગવાનની શુદ્ધ ભાવે ઉપાસના-ભક્તિ કે સેવન કરવાથી જન્માન્તરે તેનું ફળ પ્રાપ્ત થાય અને તે પણ જ્યારે આ પૃથ્વી ઉપર પરમાત્મા પ્રકટ હોય ત્યારે જ એણે કરેલી ભક્તિ સબીજ થઈ એનું આત્યંતિક કલ્યાણ કરે. તે અનાદિ મુક્ત સ.ગુ. નિષ્કુળાનંદસ્વામીએ કહ્યું છે :-

'શુદ્ધ મને જો પરોક્ષ સેવશે રે, તેનું કોઈ કાળે ફળ લેશે રે;
તે પણ જ્યારે પ્રકટ હશે હરિ રે,
એની ભક્તિ માનશે સાચી કરી રે;
તે દિ' પામશે પદ નિરવાણ રે,
એ પણ સમજી લેશે સુજાણ રે.'

દૂધમાં ઘી રહેલું છે પણ પૂરી તળવી હોય તો દૂધથી ન

ત ળી
શકાય, તે સારુ પ્રકટ ઘીની જરૂર પડે. કાષ્ઠમાં અગ્નિ રહેલો છે; પણ લાકડાની ચાકી કરી સમીપમાં બેસી રહેવાથી શીત દૂર ન થાય કે રસોઈ પણ સિદ્ધ ન થાય; તે માટે તો પ્રકટ અગ્નિની જરૂર પડે. તેવી રીતે આત્યંતિક કલ્યાણ સિદ્ધ કરવું હોય તો પ્રકટ ભગવાનની પ્રાપ્તિ થવી જ જોઈએ. પ્રકટ પ્રભુની પ્રાપ્તિ ને ઓળખાણ વિનાના મનુષ્યો અટકળ-અનુમાન કરી પરમાત્માનું સ્વરૂપ વર્ણવે છે. અનાદિમુક્ત સ.ગુ.શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ તેનું સુંદર ચિત્ર દોર્યું છે :-

'કોઈ કહે હજાર હાથ હરિને, કોઈ કહે આઠ-ચાર કર છે;
કાનનું સુણ્યું સહુ કહે, પણ ખરી કાંઈ ખબર છે ?
કોઈ કહે હરિ અરૂપ છે, કોઈ કહે તેજોમય તન; કોઈ કહે
વિશ્વમાંહી વ્યાપી રહ્યા, કોઈ કહે આ બોલે વચન.
કોઈ કહે પ્રભુને પડછાયો નહિ, કોઈ કહે ન ધરા ધરે પાવ;
દીઠા વિના આપ ડા'પણે, અમથા કરે છે ઉઠાવ.
પણ જાણો હરિને બે હાથ છે, બે પાવલિયા છે પુનિત;
શ્રવણ, નયન, નાસિકા, મુખે બોલે છે રૂડી રીત.
જમે રમે નિજ જન ભેળા, લિયે દિયે પૂજા જે દાસ; હસે,
વસે સેવક સંગે, અલબેલો આપે અવિનાશ.
સાકાર સુંદર મૂરતિ, સુખદાયી સહજાનંદ; તેને જાણ્યા
વિના જડમતિ, નિરાકાર કહે નર મંદ.
સવળું અવળું સમજી, પાડી આંટી ઘાટી ઉરમાંય; ગૂંચાણા
ઘણી ગૂંચવણીમાં, પડ્યું નહિ પાધરું કાંય.
પૂઠ્ય દઈ પૃથ્વીનાથને, ચોડ્યું ચિત્રામણમાંય ચિત્ત;
નિષ્કુળાનંદ પ્રકટ મૂકી, કરી આળ પંપાળ શું પ્રીત !'[૪]

વળી આગળ જતાં પણ પોતે ગાયું છે :-

'દિન માંહી હીંડે મારગ મળે, રાતમાંય ઘણું રડવડિયે; તેમ
પ્રકટ મૂકી પરોક્ષ ભજતાં, કહો પાર એમાં કાંઈ પડિયે ?
જેમ કોઈ ફૂલવાડીનાં ફૂલ મેલી, આકાશફૂલની આશા કરે,
પાર વિના પરિશ્રમ પડે, સાર થોડું જ મળે સરે.
તેમ પ્રકટ પ્રભુને પરહરી, પરોક્ષમાં કરે પ્રતીત; તે તો
પીયૂષનું તરુ પરહરી, કરી છાશ પીવા ચાહે ચિત્ત.
સર્વે સિદ્ધાંતનો સિદ્ધાંત એહ જ, રે'વું પ્રકટ પ્રભુ પરાયણ;
મન વચન કર્મે કરી ભજવા સ્વામિનારાયણ.''[૫]


પ્રકટની ભક્તિનો મહિમા ગાતાં વળી કહે છે:-

'દઉં શી એને ઉપમા, ભક્તિ બરોબર બીજું નથી;
તે ભક્તિ પ્રભુ પ્રકટની, કહી નથી પરોક્ષની કથી.'

❖ ❖ ❖ ❖

'પ્રકટ ભક્તિ વ્રજવાસિયે કરી, પરોક્ષ ભક્ત અજ
અમરેશ;
જેવું
સુખ ગોપી-ગોવાળ
પામિયાં, તેવું ન પામિયા વિધિ-
ઈશ.
પ્રકટ ભજી ઋષિપતની, પરોક્ષ ભજ્યા ઋષિરાય;
ઋષિપત્નીએ હરિ રાજી કર્યા, ઋષિ રહ્યા પરિતાપમાંય.
પ્રભુ પ્રકટના પ્રસંગ વિના, રહી ગઈ એવા મોટાને ખોટ;
આજકાલના અભાગિયા, દશ વિના દિયે છે દોટ.
પ્રકટ વિના છે પાંપળાં, ભક્ત કરે છે ભવમાંય;
ખરા ખાંડતાં કુસકા, કણ નહિ નીસરે તે માંય.
હરિલાડીલા લાડુ જમી ગયા, કેડે પડ્યાં રહ્યાં પતરાવળાં;
જેથી ભૂખ ન જાય સુખ ન થાય, વણ સમજે ચાટે છે
સઘળાં.
દન્તી ગયા દાંત રહ્યા, કેમ ભાંગે કોટ-કમાડ ?
નિષ્કુળાનંદ પરોક્ષભક્તિ, પ્રીછજો એહ પાડ.'[૬]

પ્રકટ પ્રભુ સિવાય જીવોનું આત્યંતિક કલ્યાણ જ્યારે નથી જ થતું ત્યારે દરેક જીવ પ્રાણીમાત્રે પોતાના આશ્રયસ્થાન માટે-શરણાગતિ લેવા સારુ પ્રકટ પ્રભુની ખોજ કરવી જોઈએ. શ્રી સ્વામિનારાયણ ભગવાને કૃપા કરી પોતાનું પ્રકટપણું મૂર્તિઓ, આચાર્ય ને સચ્છાસ્ત્ર દ્વારા પાછળ ન રાખ્યું હોત તો આત્યંતિક કલ્યાણનો માર્ગ ખોરંબે પડત : જીવો ઉપર નિષ્કારણ દયા લાવી શ્રી સ્વામિનારાયણ ભગવાને આત્યંતિક કલ્યાણના આધાર-સ્તંભો રોપ્યા : શાસ્ત્રના પાને ત્રણ જ તેવા આધાર-સ્તંભો વાંચવામાં આવે છે પણ મૂર્તિ (પ્રકટ) ને ધારનાર અને પ્રકટ પ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં શિક્ષાપત્રીમાં ઉપદેશેલાં ઉપદેશવચનો
જીવનમાં



અનુસંધાન પાન નં. ૧૫ પર



ઉપાસના ચિંતન - ૬

સાંપ્રદાયિક ગ્રંથોના આધારે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણનું

# સર્વોપરી-સર્વાવતારી પારમૈશ્વર્યભાવ દર્શન

❑ સાધુ જ્ઞાનવલ્લભદાસ ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

ગતાંકથી ચાલુ...

❑ **સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીની વાતો**

જૂનાગઢ દેશમાં સતત ચાલીસ વર્ષ સુધી રહીને આજ્ઞા-ઉપાસનાની વાતો કરતા સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી શ્રીજીમહારાજને સર્વ અવતારના અવતારી કહેતા કહે છે કે :-

''આ તો અનંત ભગવાનના ભગવાન છે એટલું જ કહીએ છીએ. એથી આઘું કેટલુંક કહીએ ? તે આપણા ઘરમાં આવીને બેઠા છે, આ તો કૂબામાં જેમ હાથી બાંધે છે તેમ છે.'' - (૧/૭૬)

''મારે વિષે પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રગટ પ્રમાણ અખંડ રહ્યા છે. તે કેવા છે ? તો સર્વ અવતારના અવતારી છે, સર્વ કારણના કારણ છે ને સર્વ થકી પર છે; તે પ્રગટ પ્રમાણ આ મને મળ્યા તે છે.'' - (૧/૩૪૨)

''એક દિવસ મહારાજ નર્મદામાં નાહીને ધ્યાન કરવા બેઠા, તે ઊઠે નહિ. પછી મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને બે-ત્રણ વાર કહ્યું જે, 'હે મહારાજ ! તમે ટીમણ કરો તો ઠીક,' પછી મહારાજે કહ્યું જે, 'ટીમણ તો કરવાં છે પણ અમારે વાત કરવી છે.' પછી સ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ ! તમે વાત કરો.' પછી મહારાજ બોલ્યા જે, 'આ પચાસ કરોડ જોજન પૃથ્વી છે, તેથી દશ ગણું જળ છે, ને તેથી દશ ગણું તેજ છે, ને તેથી દશ ગણો વાયુ છે, ને તેથી દશ ગણો આકાશ છે, ને તેથી દશ ગણો અહંકાર છે, ને તેથી દશ ગણું મહત્તત્ત્વ છે, ને તેથી દશ ગણો પ્રધાનપુરુષ છે, ને તેથી અનંત ગણાં પ્રકૃતિપુરુષ છે, ને તેથી અનંત ગણું પર અક્ષરધામ છે. તે ધામને વિષે રહેનારા જે અનંત કોટિ મુક્ત છે, તેમને પુરુષોત્તમનો સંબંધ છે પણ બીજાને નથી. કેટલાકને તો ઈન્દ્રાદિકનો સંબંધ છે, ને કેટલાકને તો બ્રહ્માદિકનો સંબંધ છે, ને કેટલાકને તો વૈરાટાદિકનો સંબંધ છે, ને કેટલાકને તો પ્રધાન-પુરુષાદિકનો સંબંધ છે, ને કેટલાકને તો પ્રકૃતિપુરુષાદિકનો સંબંધ છે, પણ પુરુષોત્તમનો નથી.' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, 'આંહી કોઈકને પુરુષોત્તમનો સંબંધ થયો હોય તો ?' ત્યારે મહારાજે કહ્યું જે, 'એટલી જ વાત સમજવાની છે; કેમ જે અક્ષરધામના મુક્તને પુરુષોત્તમનો સંબંધ છે કાં તમારે છે, પણ બીજા અવાંતર કોઈને નથી.'' - (૨/૨)

''મહારાજ તો સર્વોપરી ને સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ છે. તે ઉપર મધ્યનું નવમું ને છેલ્લાનું આડત્રીશમું વચનામૃત વંચાવીને કહ્યું જે, 'આજ તો સત્સંગમાં સાધુ, આચાર્ય, મંદિર ને મૂર્તિયું તે સર્વોપરી છે, તો મહારાજ સર્વોપરી હોય તેમાં શું કહેવું ?' એ તો સર્વોપરી જ છે એમ સમજવું.'' - (૨/૧૨)

''સ્વામીએ કલ્યાણભાઈ આગળ વાત કરી જે, 'આજ સત્સંગનો મહિમા તો મુખ થકી કહેવાય નહિ ને જો કહીએ તો માન્યામાં આવે નહિ.' ત્યારે કલ્યાણભાઈએ કહ્યું જે, 'સત્સંગનો મહિમા તો બહુ છે.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'પૂર્વે મોટા મોટા અવતાર થઈ ગયા છે, તે કરતાંતો આ સત્સંગીનાં છોકરાં સામું જોઈએ છીએ ત્યાં તો કરોડ કરોડ ગણું અધિક દૈવત જણાય છે; તો મોટા મોટા હરિભક્ત ને મોટા મોટા સાધુ અને મહારાજનો મહિમા તો કહેવાય જ કેમ?' તે મહારાજે વચનામૃતમાં (મ.૬૭) કહ્યું છે જે, 'હું મારા મહિમાના પારને પામતો નથી, તો બીજા તો પામશે જ કેમ?' એમ કહીને વળી

બોલ્યા
જે, 'આજ તો સત્સંગમાં ડોશિયું હશે તે પણ હજારો જીવનું કલ્યાણ કરશે, તો બીજાની તો શી વાત કહેવી ?' એવી રીતે બહુ વાત કરીને નાહવા ઊઠ્યા.'' (૨/૭૨)

''ઉપાસના ચોખ્ખી સમજવી, ને મહારાજનું સર્વ-કારણપણું સમજવું. ને પૂર્વના અવતાર કરતાં આજ તો સાધુ, સત્સંગીમાં ઘણું સામર્થ્ય છે.'' - (૩/૧૦૮)

''બ્રહ્માંડ-બ્રહ્માંડ પ્રત્યે દસ-દસ મૂર્તિયું છે. તેમાં છ સગુણ અને ચાર નિર્ગુણ; તે એવાં એવાં અનંત કોટિ બ્રહ્માંડ છે. ને તે સર્વ બ્રહ્માંડોમાં અનંત કોટાનકોટિ ભગવાનની મૂર્તિયું છે. એ સર્વેના કારણ સ્વામિનારાયણ ભગવાન છે, એમ સમજવું.'' - (૩/૧૨૪)

''અને ઉપાસના સમજવી જે, કોટાનકોટિ ભગવાનના અવતાર જે શ્રીકૃષ્ણ, રામચંદ્ર, વાસુદેવ, નરનારાયણ ઈત્યાદિક સર્વના કારણ મહારાજ છે.'' - (૩/૧૭૧)

''મહારાજને ભગવાન જાણવા, પુરુષોત્તમ જાણવા, સર્વેના નિયંતા જાણવા, પરબ્રહ્મ જાણવા, કર્તુમકર્તું ને અન્યથાકર્તું જાણવા, ને એવી ઉપમા બીજાને દેવાય નહિ એ તો મહારાજને એકને જ દેવાય, ને બીજા સર્વે પુરુષ છે, ને મહારાજ પુરુષોત્તમછે.'' - (૫/૫૯)

''આ સૂર્યને જેમ કોઈની બરાબર કહેવાય નહિ, તેમ આ ભગવાનને પણ કોઈની ઉપમા દેવાય નહિ. ને આગળ અનંત અવતાર થઈ ગયા ને વળી અનંત અવતાર થાશે, તે સર્વે આ ભગવાનનું દીધું કણેથું ખાય છે ને એની આજ્ઞામાં વર્તે છે.'' - (૫/૨૮૨)

''આ સત્સંગનો મહિમા તો અપાર છે, કેમ જે બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે શ્રીકૃષ્ણાદિકની મૂર્તિ છે, તેવા તો અનંત અવતાર થયા ને આપણને તો મહારાજ પુરુષોત્તમ મળ્યા છે ને બીજા અવતાર જેવા તો આ સત્સંગમાં ઘણાક છે. એવો સત્સંગનો મહિમા સમજીને દૃઢ ઉપાસના કરવી અને એવા જે પુરુષોત્તમતે તો એક જ છે.'' - (૬/૮)

''ભગવાનના અવતાર તો અસંખ્ય છે. પણ આ સમે મહારાજ પ્રગટ થયા, તે ભેળા હજાર ભગવાનના અવતાર આવ્યા છે, ને પોતે એક માંહી અવતારી છે એમ ચોખ્ખું સમજવું.'' - (૬/૨૭)

''આ ભગવાન બહુ મોટા પ્રગટ થયા તે બીજા અવતાર જેવા તો એના સાધુ ને સત્સંગી દ્વારે ચમત્કાર જણાવ્યા. ને પોતે

અનુસંધાન પાન નં. ૨૫ પર

જે નરનારાયણનું લખ્યું છે તે તો જેમ કો'ક અજાણે ગામ જાવું હોય તે ભોમિયા લે, તેમ પોતે કોઈ વાર આવેલ નહિ ને એનો ભરતખંડ કે'વાય માટે એને ભોમિયા લીધા છે. એ મનુષ્યપણાનો ભાવ છે એમ જાણવું, એમ મહારાજે પણ કહ્યું છે. ને આ વાત તો બધી નવીન છે. સાધુ નવીન, નિયમ નવીન, તે મહારાજ કહે, 'આ નિયમને સાધુ એ બે અમે અક્ષરધામમાંથી લાવ્યા છીએ.'' - (૬/૫૬)

''એકોતેર ચોકડી રાજ કરીને એક ઈન્દ્ર પડે ને એવા ચૌદ ઈન્દ્ર પડે ત્યારે એક દિવસ વૈરાટ બ્રહ્માનો થયો, તેમાં બ્રહ્મા, વિષ્ણુ ને શિવ એ ત્રણ નાશ થાય. તે બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે એક શ્રી કૃષ્ણ નારાયણ, એક લક્ષ્મીનારાયણ, એક નરનારાયણ ને એક વાસુદેવ નારાયણ એ છે. એવાં અનંત કોટિ બ્રહ્માંડ છે એમ સમજવું. હવે એવા ત્રીસ દિવસનો મહિનો ને બાર મહિનાનું વરસ, એવાં સો વરસ વૈરાટ જીવે, ને પ્રધાનપુરુષના રૂંવાડે રૂંવાડે ક્ષીરસાગર છે એટલે સાડાત્રણ કરોડ શેષશાયી થયા. માટે એ સર્વથી પ્રધાનપુરુષ મોટા થયા ને તે પ્રધાનપુરુષના એક દિવસમાં વૈરાટ પડે. તેવા સો વરસ પ્રધાનપુરુષ જીવે ને તે પાછો પ્રકૃતિપુરુષના એક દિવસમાં નાશ થાય. એવાં સો વરસ પ્રકૃતિપુરુષ જીવે છે; એમત્યાં સુધી કાળ પુગે છે ત્યારે બીજા કાળ થકી શું મુકાવે ? માટે તેને વિશે અરુચિ કરીને એક અક્ષરધામના ધામી જે પુરુષોત્તમ ભગવાન મળ્યા છે તેનું માહાત્મ્ય સમજીને તેનો જ બ્રહ્મરૂપે કરીને આશરો કરવો, ને ત્યાં પૂગવાની રુચિ રાખવી ને એના સાધુને વિશે જીવ બાંધવો. - આ સિદ્ધાંત વાર્તા કહી છે. તે જો નહિ સમજાય તો ખોટ રહી જાશે ને વાંસેથી પસ્તાવો થાશે, ને દેહ રહે કે ન રહે, તોપણ કસર કાઢી નાખવી.'' - (૬/૯૫)



''ઓહો



## વાણી-વિવેક ચિંતન - ૮

# વાણીમાં વિવેક જરૂરી છે

❑ સાધુ નિર્દોષસ્વરૂપદાસ ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

ગતાંકથી ચાલુ... બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી આદિક સૌ સદ્‌ગુરુઓ મળીને પાસે ગયા. મહારાજને ખૂબ પ્રાર્થના કરી. પરંતુ મહારાજે કહ્યું : "અમારો સ્વભાવ કઠણ છે. જેનો ત્યાગ કરતાં અત્યંત દુઃખ થાય તેવા અમારાં માતા-પિતા (ભક્તિ-ધર્મ) તેમનો પણ અમે લોકકલ્યાણને અર્થે ત્યાગ કર્યો. તેમનો સ્નેહ અમારા એ ત્યાગમાં બાધા નાખી શક્યો નહીં. તેંમ તમારો સ્નેહ પણ હવે અમને અમારા નિશ્ચયમાંથી ફેરવી શકશે નહીં."

મહારાજની આ દઢતા જોઈ કોઈ કંઈ બોલી શક્યા નહીં. અખંડાનંદ સ્વામી રડવા લાગ્યા.

સૌ સદ્‌ગુરુઓ દરબારમાં આવ્યા. બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "જેમના થકી મહારાજ રિસાણા છે તેમને જ ફરી મોકલો. ફુઈને કહો કે પાલવ પાથરીને મહારાજની માફી માંગે. જો ન માને તો અન્નજળનો ત્યાગ કરે પણ મહારાજને મનાવ્યા સિવાય ઘેર આવે નહીં."

સોમબા ફુઈ ફરી મહારાજને મનાવવા ગયાં. સાથે સૂરપ્રભાદેવી, લાડુબા, જીવુબા, પાંચુબા બધા જ ગયાં.

શ્રીજી મહારાજ હરજી ઠક્કરના ઘરે તેમની સાથે ગંભીર મુખમુદ્રા રાખી વાત કરી રહ્યા હતા. એટલામાં ડેલીનું કમાડ ખખડ્યું. મહારાજે હરજી ઠક્કરને કહ્યું : "જુઓ, ખડકી કોણ ખખડાવે છે? હવે કોઈને અંદર આવવા દેશો નહીં."

હરજી ઠક્કરે ખડકી ઉઘાડી. સામે જ સોમબા ફુઈને જોયાં. તેમણે હાથ જોડ્યા : "ફુઈબા! મહારાજ બહુ જ ગંભીર થઈ ગયા છે. હવે તેમને મનાવવાનો હમણાં પ્રયત્ન કરવો તે મને ઠીક લાગતું નથી."

"પણ મહારાજ દરબારમાં પાછા ન પધારે ત્યાં સુધી મેં અન્નજળનો ત્યાગ કર્યો છે. હવે તો તમારી ખડકીમાં જ મારો દેહ પડશે." સોમબા ફુઈની રૌદ્ર મુખમુદ્રા જોઈ હરજી ઠક્કર સ્તબ્ધ થઈ ગયા! પાછળ સૂરપ્રભાદેવી, લાડુબા, જીવુબા આદિક બધાં જ રડતાં હતાં. તેમણે તરત જ કહ્યું : "પધારો, મહારાજ વઢશે તો હું ખમી લઈશ."

સૌ અંદર આવ્યાં. તેમને જોઈ મહારાજ એકદમ ઊભા થઈ ગયા અને અંદર ઓરડામાં જવા લાગ્યા. સોમબાએ તરત જ કહ્યું : "ઊભા ન રહો તો તમને દાદાની આણ છે."

મહારાજ એકદમ ઊભા રહી ગયા! એક ડગલું પણ આગળ ખસી શક્યા નહીં. સોમબા ફુઈનો પહેલો પાસો તો સીધો પડી ગયો. તેથી તે હિંમત કરી મહારાજ પાસે આવ્યાં. બીતાં બીતાં હાથ જોડી ધ્રૂજતા સ્વરે કહ્યું : "મહારાજ! મારામાં એવો એક પણ ગુણ નથી કે હું આપની ભક્તિ કરી આપને રાજી કરી શકું! આપ જો મારો ત્યાગ કરશો, તો હું સૌના ધિક્કારને પાત્ર બની જઈશ. જીવવું આકરું થઈ પડશે. એક વખત ભૂલ થઈ તે હવે પછી નહીં થાય. માટે મોઢે આવેલું અમૃત ઝૂંટવી ન લેશો."

તેમની વાણીમાં દુઃખ હતું. પશ્ચાત્તાપ હતો, મહારાજને એટલું જ જોઈતું હતું. છતા એ પશ્ચાત્તાપનો ઝરો વધુ નીકળે તે માટે તેઓ કાંઈ જ બોલ્યા નહીં. મહારાજની ગંભીર મુખમુદ્રા જોઈ સોમબા ફુઈ રડી પડ્યાં. રડતાં રડતાં તેમણે ફરી કહ્યું : "મહારાજ! આપ જાઓ તો ભલે જાઓ પણ મને ઝેર આપીને જાઓ. લોકો મારો તિરસ્કાર કરશે. મારા ખાતર આપે દાદાને છોડી દીધો, દાદાની બહેનોને છોડી દીધી. આખા પરિવારનો ત્યાગ આપે મારા ખાતર કર્યો એવી કાળમુખી હું હવે કઈ આશાએ, કયા સુખે જીવી શકું? દાદાને એભલ બાપુએ આપને ખોળે મૂક્યો છે. તેને માથે હજુ શત્રુ ફરે છે, આપ તેના છત્ર હતા એટલે તેની રક્ષા થઈ પણ હવે તો તેનુંય બધું વેરણછેરણ થઈ જશે. મારી કાળમુખી જીભ દાદાની વેરણ બની ગઈ, તેના સત્યાનાશનું કારણ બની ગઈ! ભલે મહારાજ! આપ પધારો. પણ અહલ્યાની જેમ મને પથ્થર બનાવીને જાઓ." સોમબા ફુઈ રડતાં હતાં. તેમના શબ્દોની ધાર્યા પ્રમાણે સારી અસર થઈ.

ભગવા

ન શ્રીહરિ ધીરે ધીરે તેમની પાસે આવ્યા. થોડે છેટે ઊભા રહીને તેમણે કહ્યું : "અમારે ગઢપુર છોડીને, સત્સંગ છોડીને દૂર ચાલ્યા જવું હતું. પરંતુ દાદાની રક્ષા માટે હવે અમે અહીં રહીશું. તેને દુઃખ પડે તે અમારાથી સહન થતું નથી. તમારી પ્રકૃતિ અમે સહન કરીશું પણ દાદાનું દુઃખ સહન નહીં થાય."

"મહારાજ ! આપ રહેતા હો તો એ કાળમુખી જીભના હું કટકા કરી નાંખીશ, મોઢું સીવી લઈશ." સોમબા ફુઈએ રડતાં રડતાં કહ્યું.

"એવું કરવાની જરૂર નથી, ફુઈબા ! પણ જીભને નિયમમાં રાખવાની જરૂર છે. વાણીને ઘીની જેમ વાપરવી પણ પાણીની જેમ ન વાપરવી. સંયમ હશે તો ભક્તિ વધુ દીપશે." મહારાજે ધીરગંભર સ્વરે કહ્યું.

મહારાજ માન્યા, દરબારમાં આવવા તૈયાર થયા. આ જાણી સૌને આનંદ થયો. સોમબા ફુઈના અંતરનો પશ્ચાત્તાપ મહારાજને પીગળાવી શક્યો.

અહીં મુમુક્ષુએ વિચાર કરવો ઘટે કે કેવળ અપશબ્દો બોલવાથી જો મહારાજ ઉપરોક્ત પ્રમાણે નારાજ થઈ જતાં હોય તો, જે સાધક અવિવેક ભરેલી વાણી વાપરીને જેમ તેમ ઉચ્ચારણ કરતો હશે તેથી મહારાજ કેમ રાજી થશે ? અર્થાત્ રાજી ન જ થાય.

શ્રીહરિલીલામૃતમાં આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ 'અપશબ્દો' વિષે કહે છે :

જો કોઈને ગાળ કદાપિ દે છે, દેનાર તે તો હલકો દિસે છે ।
સાંખી રહે તે જ મનુષ્ય સારું, દેનારનું મોઢું દિસે નઠારું ॥
પીંજારિ ગાળે લડવા જ ધાય, રાણી સુણીને શરમાઈ જાય ।
જો સામી ગાળો ઉચરે જ રાણી, રાણી નહી તેહ પીંજારિ જાણી ॥
ગાળો દીધાની પડી ટેવ જેને, રહે નહી કાંઈ વિચાર તેને ।
સાળો કહે છે સુતને દહાડી, માને કહે છે મુખથી ગધાડી ॥
જે આપ મોઢે શબ્દ બોલે, તો તેની વાણી ખરવાણી તોલે ।
ભલે કદી માણસ હોય મોટો, તથાપિ તે તો ખરનાથી ખોટો ॥
જે આબરુદાર જણાય સારો, કરે ન કોઈ જનને તુંકારો ।
જે ઢેઢ ને વાઘરી જેવી જાત, તે તો તુંકારાથી કરે જ વાત ॥
જે મુખને પાન ભલાજ ભાવે, તે કોયલા કેમ કદાપિ ચાવે ।
જે કૃષ્ણનું નામ જપે ત્રિકાળ, તે મુખ બોલે કદિ કેમ ગાળ ॥

(હરિલીલામૃત : ૭/૨૪)

**વળી, શ્રીજી મહારાજ શિક્ષાપત્રીમાં લખે છે :**

**"મારા આશ્રિતોએ ક્યારેય પણ ગાળ ન બોલવી અને કોઈ અજ્ઞાની જીવ ગાળ દે તો પણ તેને સામી ગાળ ન દેવી."**

**(શિક્ષાપત્રી : શ્લો, ૨૦)**

**❑ વાણીની કરામત...**

'કરતી બધે ખુવારી, શબ્દોની મારામારી
। બોલે વધારે પડતું, સુણનારને એ નડતું;
દે ક્રોધને વધારી, શબ્દોની મારામારી । અમૃતસમી જો
વાણી, કરતી એ પાણીપાણી;
વાણી વગર વિચારી, શબ્દોની મારામારી...કરતી...'


એક રાજાને ભયંકર સ્વપ્ન આવ્યું. બત્રીશે બત્રીશ દાંત પડી ગયા. સવારે ઊઠતાની સાથે જ તે ગભરાઈ ગયો. વિદ્વાનોની સભા બોલાવી સર્વે સ્વપ્નાની વાત કરી કે આ સ્વપ્નનો ફળાદેશ શું હશે ? ત્યારે વિદ્વાનોએ પોથીઓ ખોળી નાંખી. ચર્ચા વિચારણા કરતાં નક્કી થયું કે અશુભ ભાવિની આગાહી છે. આથી એક ઉતાવળો વિદ્વાન ઊભો થઈ બોલ્યો : "રાજન ! આ ભયંકર સ્વપ્નનું ફળ તો દિવા જેવું ચોખ્ખું દેખાય છે. શાસ્ત્રો કહે છે કે જે વ્યક્તિને આ પ્રકારનું સ્વપ્ન આવે છે એની હયાતીમાં જ આખા કુળનો નાશ થઈ જાય છે. આપ જોતા રહેશો ને આપના બાળબચ્ચા,કુટુંબકબીલો બધો સાફ થઈ જશે." આવી વિવેક વગરની વાણી સાંભળી રાજા ઊકળી ઊઠ્યો અને સિપાઈઓને કહ્યું : "પકડો ! આ કાળમુખાને અને જેલમાં નાંખો. પછી બીજે દિવસે રાજા શાંત પડ્યા ત્યારે એક બીજા પંડિતે કહ્યું :"હે મહારાજા ! ગઈકાલે જે પંડિતે આપને સ્વપ્નાનો ફળાદેશ કહ્યો હતો તે ખોટો છે. મારા મત પ્રમાણે તો આ સ્વપ્નનું શુભ ફળ છે. આપનું આયુષ્ય ખૂબ લાંબુ છે, આપનાં કુટુંબમાંથી નાના-મોટા બધાજ મરણને શરણ થાય ત્યારે પણ આપ નિરાંતે રાજ્ય ભોગવતા રહેશો." પંડિતનો આવો ઉત્તર સાંભળી રાજા ખૂબ આનંદમાં આવી ગયો અને તે પંડિતને ઘણી બક્ષિસો આપી. આનું કારણ વાણીની કરામત જ....

'અમૃતને ઝેર સાથે, વસતા જીભ સંગાથે ।
જીભ છે અકારી, શબ્દોની મારામારી...'

જેનાં મુખ પર તાળું નથી એની શાંતિ હણાય છે. મહાભારતનું યુદ્ધ આખું કડવી જીભને આભારી જ હતું.

'અમૃત ઝેર બનાવે, વાણી કાબુ ગુમાવે; ન બોલ્યે નવ ગુણ
સમાતા, ઝઘડો કલેશ કદી નવ થાતા;
અવનવું ઉપજાવે, જ્યારે વાણી કાબુ ગુમાવે, અમૃત૦૧'

(ક્રમશઃ)




# The Cause of All Incarnations
# Lord Swaminarayan

❑ Umang M. Chandan - Dombivali

**The situation of India in 18th Century.**

Dear devotees it was the time when Maratha Empire established by Chatrapati Shivaji was at the end stage The powers of Maratha Kingdon Laid into the hands of Peshawa who were very cruel and unkind to their subjects. The soldiers looted common people and troubled them by taking excess of tax, on the other hand the whole of the motherland was divided into several small kingdoms. There were several conflicts between. Neighbouring kingdoms which caused suffering to poor people at that time britishers came to India in form of traders with the name called East India Company.


Britishers noticed that there was lack of unity among the kingdoms. They saw that people were Illiterate, superstitious. They have blind faith in practices like Sati, Chid Marriages, there was killing of innocent animals in the name of 'Yagnas.' People were of the belief that if the girl child was born they had commited a severe sin and they were very cruel and so unkind that they did not even think while killing innocent female child by drowning her into milk. Evil practices of giving 'Bali' of Animals in front of god and goddess and religious leaders instead of giving good preachings to their followers they took. Disadvantage of the faith of people by maintaining Bad relations with the women of their disciples and also started eating meat and drink liquor for satisfying their wants they also usd to frighten poor illiterate people by saying that if you will not do what we say we will throw you in the Hale. This was the situation which caused four varnas Brahmin, Kshatriya, Vaishya and Shurdra left their religion and started to behave in the religion and started to behave in the manner of animals. Brahmin started to eat meat and drink liqour, Brahmin who were known as head of the Society lost their command, which caused all other irreligious practices. The above factors were the brief causes of the Incarnation of LORD SWAMINARAYAN on this Earth.

2) Brief Story of Incarnation : Dear devotees as we all are satsangi's we all know about the story of Incarnation but still let be tell briefly. Lord Krishna departed from this earth 5000 years ago and at the time of his departure he called his Best Friend Udhavji and said that "I stayed here on this earth for 125 years but in the process of killing all the Demons like Kans, Shishupal etc., I lost all my time and was unable to establish an axiomatic religion. Now I am giving you all my knowledge and you start travelling and

give my message to the honest devotees. But later on Udhavji tried a lot to establish a religion and tried to pass the message of Lord Krishna but was unsuccessful due to trouble of demons and he decided to go to a place called 'Badrikashram' A place situated in Himalayas and Meditate there. Now after several years saints of India Visited. 'Badrikashram' to meet Lord Narnarayan Bhagwan. All the saints bowed to Lord Narnarayan and Lord Narnarayan asked the sains about the situation of **'HIS'** country India. And all the saints started frown and at the same time Udhavji, Dharmadev and Bhakti Devi came to the scene and all the saints narrated the above situation of India. And Lord Narnarayan was saying that everything what has occured is due to the Interest of Lord Purushottam Narayan (Swaminarayan). Who is situated in his Akshardham. At that time saint Durvasa with the direction of Lord Purushottam Narayan (Swaminarayan) came to Badrikashram and Everybody was very Eagerly listening to the speech of Lord Narnarayan and no one said a word of praise for saint Durvasa and full of pride. Saint Durvasa waited for few minutes but no one even noticed him, which created anger in the mind of Durvasa and full of anger Durvasa, cursed each and everybody present in Badrikashram Including Lord Narnarayan Dev that, "All of you are full of pride and you all think that you all are some greats ?" You all will take birth on the earth and demons will trouble you very severely. This all happened with the Interest of Lord Purushottam Naryan. (Swaminarayan)

3) Process and Motive of Incarnation (a) Process : Now each and everyone who were present in 'Badrikashram' decided to take birth on the Earth knowing that 'Lord Purushottam Narayan' (Swaminarayan) is going to come on this earth in few years. Dharmadev took birth on the eleventh day of the month of kartik, year Vikram Sawant 1796 (as per Hindu Calendar) at the place called Kaushal Desh Near Saryu River at Itar Village near Ayodhya and Bhakti Devi took birth an full moon day of kartik month year vikram Sawant 1798 (A.P.H.C.) at the place called Chhapaiya Village. After few years both Dharmdev and Bhaktidevi became young and their parents decided to Marry Bhaktidevi with Dharmdev, After their marriage there took bith of child. Whose name was 'Rampratap' (Elder Brother of Lord Swaminaryan) and now both Dharmdev and Bhaktidevi were troubled severely by Demons as per Curse of Saint Durvasa. They were not even getting one time food to eat and were suffering a lot of difficulties at that time








they were staying at Chhapaiya, Now lord purushottam Narayan decided to take Incarnation on this earth in the form of a small baby day of Dharamdev and Bhaktidevi. But before Incarnation let us see what were (b) Motives of Incarnation :- Lord Swaminarayan himself stated that what were his motives of taking incarnation on this earth to Gopalanand Swami at Akshar Room at Kariyani village The Six aims / purpose / motives are as follows :-

1) To Establish Axiomatic Religion (Ekantik Dharma)

2) To take all these who have met the incarnated birth of God.

3) To give happiness of religious reverence

4) To Create more monks with relationship of other followers.

5) Welfare of People by making them true devotee of God.

6) To spread over the highest worship of God on the Earth.

And also in the vachnamrut Kariyani's (5) Lord Shree Swaminarayan says that "The Purpose of God's Incarnation is to fulfill the deslres of his Intensiy loving devotees and make them Happy in Every Way".

With these above motives and purposes Lord Purushottam Narayan (Swaminarayan) took Birth in the form of Small Child (Ghanshyam) of Dharmadev and Bhaktidevi on Ninth day of the month of Chaitra, Year vikram sawant 1837as per Hindu Calendar and as per English date 2nd April 1781who later on killed demon like Kalidutt and gave the message of 'Hari Geeta' to Bhakti Devi and went for pilgrimage at the age of 11 years and traveled all over India bare footed in thick forests for seven years and then entered Gujrat and became famous by the Name of 'Shri Shajanand Swami' and 'Swaminarayan Bhagwan' and Established an 'Axiomatic Religion' which we all are still enjoying.

***Jay Swaminarayan...***

## સર્વે ભક્તજનોને એક ખાસ ભલામણ સહ વિનંતી



વ્હાલા ભક્તજનો ! આપ સર્વને જણાવવાનું કે આપના ગામમાં કે શહેરમાં અથવા અન્ય ગામ-શહેરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ વર્ણીરૂપે પધાર્યા હોય અને એ પ્રસંગ જો સાંપ્રદાયિક ગ્રંથોમાં પ્રસિદ્ધ ન હો તો અમોને તે પ્રસંગની નોંધ વ્યવસ્થિત રીતે લખીને મોકલવા વિનંતી. સાથે તે પ્રાસાદિક સ્થળોના જો ફોટોગ્રાફ હોય તો મોકલવા.

- લી. તંત્રીશ્રી...

અનુસંધાન પાન નં. ૧૯નું ચાલુ...

, આ મહારાજ પુરુષોત્તમને આ સાધુ એ કોઈ દી આવ્યા નથી ને આવશે પણ નહિ, ને એ પુરુષોત્તમનું દીધું ઐશ્વર્ય બીજા અનંત અવતારાદિક પામ્યા છે એમાં બધુંયે આવી ગયું.'' (૬/૨૨૧)

''એમ તો પહેલાં ગણેશને પ્રભુ કહે છે. બ્રહ્મા, વિષ્ણુ ને શિવને કહે છે, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન અને સંકર્ષણને કહે છે. ત્યારે એમાંથી કેને પ્રભુ માનવા ? ત્યારે એનું તો એમ છે જે જીવની કોટિયું, ઈશ્વરની કોટિયું, પુરુષની પણ કોટિયું ને કોટિયું છે. એ સૌના કારણ તો મહારાજ પોતે, એમ સમજે ત્યારે મજકૂર મળ્યું કહેવાય. ને અનંતકોટિ રામ, અનંત કોટિ કૃષ્ણ, ને અનંત કોટિ અક્ષરમુક્ત એ સર્વના કર્તા, આધાર, સર્વના નિયંતા ને સર્વના કારણ મહારાજને સમજે ત્યારે જ્ઞાન થઈ રહ્યું.'' (૬/૨૫૭)

''જેતપુરમાં ઉનડ રાજાને ઘેર રામાનંદ સ્વામીએ પોતાના ધર્મધુરપણાની શ્રી સહજાનંદ સ્વામીને સોંપણ કરી, ત્યારે કોઈને સંશય થયો જે, 'મોટા મોટા સાધુ છે તેને કેમસોંપણ ન કરી ?' ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું જે, 'આ નીલકંઠ બ્રહ્મચારી તો મોટા મોટા રામ, કૃષ્ણ, વાસુદેવ ને અક્ષરાદિક એ સર્વેને પ્રાર્થના કરવા યોગ્ય ને પૂજવા યોગ્ય છે, ને અમે પણ એના મૂક્યા આવ્યા છીએ, ને એ અનેક જીવનાં કલ્યાણ કરતાં કરતાં આવે છે. ને આ તો સર્વોપરી રામકૃષ્ણાદિક અવતારના અવતારી તે હરિપ્રસાદ નામે વિપ્રને ઘેર પ્રગટ થયા છે. માટે એ તો સર્વેને માનવા યોગ્ય, ભજવા યોગ્ય, ને પામવા યોગ્ય છે. પૃથ્વીને વિશે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ ચિત્રવિચિત્ર અનંત પ્રકારનાં છે; તેમસર્વ અવતાર થકી, સર્વ વિભૂતિ થકી, સર્વ શક્તિ થકી, અક્ષરના મુક્ત થકી ને અક્ષરધામએ સર્વ થકી અતિ સર્વોપરી, અક્ષરાતીત, સર્વ-સુખમય, આનંદમય, સર્વજ્ઞ, સર્વત્રપૂર્ણ, દિવ્યમૂર્તિ, સર્વોત્તમ કારણ, સર્વ-કર્મફળપ્રદાતા, સર્વાધાર, સર્વશિક્ષક, સર્વવ્યાપક, સર્વોપાસ્યમૂર્તિ, સર્વચિંતનીય, સર્વરસમય, સર્વઈચ્છામય, પરિપૂર્ણમૂર્તિ, નિર્દોષમૂર્તિ, અખંડમૂર્તિ, સર્વભજનીય, સર્વ-ઐશ્વર્યભાજન, સર્વશક્તિભાજન, સર્વવિભૂતિભાજન, સર્વસુંદરતા-ભાજન, સર્વલાવણ્યાતા-ભાજન, સર્વકરુણા-ભાજન, અનંત કલ્યાણકારી-દિવ્યગુણભાજન, ચિત્રવિચિત્ર-મહાઆશ્ચર્યકારી, અનવધિકાતિશય, અજહત્સ્વરૂપ-સ્વભાવ-ગુણમહોદધિ એવા શ્રી સહજાનંદ સ્વામી પુરુષોત્તમ સર્વોપાસ્ય, રાજાધિરાજ છે અને સર્વ અવતારના અવતારી છે. માટે આ નીલકંઠ બ્રહ્મચારીના જે ગુણ છે તેને કહેવા-જાણવાને અર્થે તો અક્ષર પર્યંત કોઈ સમર્થ નથી, તો હું પણ કહેવા-જાણવાને અર્થે ક્યાંથી સમર્થ થાઉં ? તે માટે આ તો અગણિત જીવોનાં કલ્યાણ કરવાને અર્થે અક્ષરધામમાંથી આંહી પધાર્યા છે. તે માટે અમે તો એમની આજ્ઞાએ કરીને જીવનાં કલ્યાણ કરતા, પણ હવે તો સાક્ષાત્ પુરુષોત્તમ પધાર્યા છે એટલે જેવો પોતાનો પ્રતાપ છે, ને મહિમા છે તેવાં જ જીવના કલ્યાણ કરશે. માટે આ તો અક્ષરધામના પતિ સર્વોપરી, પૂર્ણ પુરુષોત્તમ ભગવાન પધાર્યા છે, ને તે પૂર્વે ભગવાનના અવતાર થયા તેણે જીવુંના જે કલ્યાણ કર્યાં છે તેવાં કલ્યાણ તો પોતાના ભક્ત દ્વારા સહેજમાં કરશે. એવા જે આ નારાયણમુનિ તેનો પ્રતાપ ને ઐશ્વર્ય છે તે તમોને આગણ જણાશે.' એવી રીતે રામાનંદ સ્વામીએ પોતાના આશ્રિત જે જે પરમહંસ તથા સત્સંગી તેમની આગળ નીલકંઠ બ્રહ્મચારીના પ્રતાપની બહુ વાત કરી. (૭/૨)

''ગામફણેણીમાં મંદિરની જગા છે ત્યાં હાલ બેઠક છે, ત્યાં રામાનંદ સ્વામી દેહત્યાગ કરીને ધામમાં ગયા. ત્યાર પછી શ્રી સહજાનંદ સ્વામી પોતાના ગુરુની દેહક્રિયા કરીને તેની ધર્મધુરા ઉપાડી લેતા હવા, ને તે સ્વામીના જે આશ્રિત તેમની સત્શાસ્ત્રના ઉપદેશે કરીને સંભાવના કરવા હવા, ને તેમને પોતાનો અલૌકિક પ્રતાપ દેખાડીને પોતાને વિષે તેમનાં ચિત્તને તાણી લેતા હવા, ને કેટલાક મનુષ્યને સમાધિ કરાવતા હવા. લોજમાં તે પ્રતાપને જોઈને વ્યાપકાનંદ સ્વામીને શ્રીજી મહારાજના સ્વરૂપનો સર્વોપરી નિશ્ચય નહોતો થાતો. તેથી વ્યાપકાનંદ સ્વામીને પણ સમાધિ કરાવીને અક્ષરધામને વિષે અનંત કોટિ મુક્તે સહિત પોતાનું દર્શન કરાવ્યું, તોપણ નિશ્ચય ન થયો. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે. 'આ સર્વે મુક્તની એકકાળાવછિન્ન પૂજા કરો ને તમારે વિષે લીન કરો.' ક્યારે વ્યાપકાનંદ સ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ ! એમ કેમ થાય ?' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, 'તમે એમસંકલ્પ કરો કે આ રામાનંદ સ્વામી ભગવાન હોય તો તેમના સામર્થ્યે કરીને હું એટલાં રૂપે થાઉં.' ત્યારે તેમણે તેમસંકલ્પ કર્યો તોપણ અનંત રૂપે ન થવાણું. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, 'ચોવીશ અવતારના નોખાં નોખાં નામલઈને સંકલ્પ કરો કે એ પુરુષોત્તમભગવાન હોય તો તેમના સામર્થ્યે કરીને હું અનંત રૂપે થાઉં.' ત્યારે તેમણે એમકર્યું તોપણ અનંત રૂપે ન થવાણું. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, 'અમારું નામલઈને સંકલ્પ કરો જે, જો સહજાનંદ સ્વામી સર્વ અવતારના અવતારી પુરુષોત્તમભગવાન હોય તો હું અનંત રૂપે થાઉં.' **(ક્રમશઃ)**



વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય સાંનિધ્યમાં

# રઘુવીર વાડી - વડતાલ ખાતે ઉજવવામાં આવેલ ભવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવ - ૨૦૦૭

❑ અહેવાલ : સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી-વડતાલ તથા સાધુ અમૃતસ્વરૂપદાસજી - સરધાર

ગુરુ અને ગુરુસ્થાનનો મહિમા અનેરો છે. 'गुरुकृपा हि केवलम्, शिष्य परम मंगलम्.' ગુરુની કૃપા થાય તો જ શિષ્યનું મંગલમય ભવિષ્ય થાય અને આખરે કલ્યાણ થાય. 'तस्मै श्री गुरुवे नमः' કહીને ગુરુપદચિહ્નના મહિમાગાનનો અવસર એટલે ગુરુપૂર્ણિમા. ભારતમાં પ્રાચીનકાળથી ગુરુપરંપરા ચાલી આવી છે, જેને આદર આપી ગુરુના ઋણને સ્વીકારવાનો સમય એટલે ગુરુપૂર્ણિમા. શિષ્યના જીવનમાં યોગ અને ક્ષેમનું વહન કરનારા વિરલ ગુરુદેવને કૃતજ્ઞતાપૂર્વક વંદના કરવાનું પર્વ એટલે ગુરુપૂર્ણિમા.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંત પ્રમાણે શ્રીજીમહારાજે સ્થાપેલ બે દેશના આચાર્યપદનું માહાત્મ્ય અનેરું રહ્યું છે. સંપ્રદાયના સાચા ગુરુ તો પ.પૂ. આચાર્ય મહારાજશ્રી જ છે, તે ન્યાયે તા. ૨૯-૭-૦૭, અષાઢ સુદ - ૧૫ (ગુરુપૂર્ણિમા) ના રોજ વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની દિવ્ય સાંનિધ્યમાં આચાર્ય નિવાસ - રઘુવીરવાડી (વડતાલ) ખાતે ગુરુઋણમાંથી મુક્ત થવા અને કંઈક અંશે ગુરુઋણ અદા કરવા માટે 'ભવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૨૯-૭-૦૭ના પ્રાતઃકાળથી મંદિરમાં સર્વોત્કર્ષપણે બિરાજમાન પરમગુરુ વડતાલવાસી **શ્રી હરિકૃષ્ણ મહારાજ**નું હૃદયના શુદ્ધભાવથી પૂજન-વંદન કરીને રઘુવીરવાડી ખાતે હજારોની સંખ્યામાં દક્ષિણ વિભાગ દેશમાંથી ભક્તસમુદાય આવવા લાગ્યો હતો. બરાબર ૮.૩૦ કલાકે ગુરુપૂજન માટે ૬૦ હજારથી વધારે સંખ્યામાં પધારેલ હરિભક્તસમુદાય સભાના રૂપ ગોઠવાયા બાદ સભાસ્થાનમાં પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. નાનાલાલજી શ્રી પૂષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. સૌપ્રથમ સર્વે કોઈના ગુરુ એવા શ્રીહરિકૃષ્ણ મહારાજનું વેદોક્તવિધિ સાથે પૂજન બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ કરીને આરતી ઉતારી હતી. ત્યારબાદ સંપ્રદાયના ગુરુપદ બિરાજમાન એવા વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**નું પૂજન પણ વેદોક્તવિધિ સાથે પૂજન બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ કરીને આરતી ઉતારી હતી. સાથે વડિલ સંતો-ભક્તો પણ જોડાયા હતા.

ત્યારપછી ધામોધામથી પધારેલા સંતોમાં પૂ. બ્ર. જ્ઞાનપ્રકાશાનંદજી સ્વામી - ગુઢપુર, પૂ. એસ.પી. સ્વામી, પૂ. ભક્તિસંભવદાસજી સ્વામી -અમરેલી, પૂ. લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી - બગસરા, પૂ. કોઠારી સ્વામી - સરધાર, પૂ. પુરાણી સ્વામી - વરજાંગ જાળિયા, પૂ. વિવેક સ્વામી - બગસરા, પૂ. વકિલ સ્વામી વગેરે સંતોએ ગુરુમહિમા સમજાવી પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

ત્યારબાદ પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી, પ.પૂ. મોટા લાલજી મહારાજશ્રી અને ફોન દ્વારા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી દરેક ભક્તજનોને આજના પવિત્ર દિવસે શુભાશીર્વાદ આપ્યા હતા.

અંતે ગુરુપૂજનને માટે પધારેલ સર્વે સંતો-હરિભક્તોએ ભાવપૂર્વક હૃદયથી પુષ્પહાર, પુષ્પગુચ્છ, ચાદર વગેરે ઉપચારો વડેથી શ્રીહરિકૃષ્ણ મહારાજ, પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન કર્યું હતું. સૌ કોઈને માટે ધર્મકુળ પરિવાર તરફથી મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.



ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે ગુરુપદ બિરાજમાન એવા વડતાલ પીઠાધિપતિ



# પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સમગ્ર સત્સંગ સમુદાયને આપેલા શુભાશીર્વાદ...

શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ દેવની છત્રછાયામાં આજના ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે ધર્મ, નીતિ, નિયમ, પક્ષમાં વિશ્વાસ રાખનાર, શ્રદ્ધા રાખનાર અને જોડાવનાર ધર્મ પરિવારના તમામબાળકો અને ઉપસ્થિત સર્વે શ્રીજીના લાડીલા ભક્તજનો.

આજનો દિવસ અતિ મહત્ત્વનો છે. જે ગુરુએ આપણને જ્ઞાન આપ્યું, જે ગુરુએ આપણને મોક્ષ રસ્તો બતાવ્યો, જે ગુરુએ આપણને શિક્ષણ-સંસ્કાર આપ્યા તે ગુરુને વંદન કરી - તે ગુરુને ગુરુદક્ષિણા આપી, આપણી શ્રદ્ધા-સુમન આપી અને ગુરુની પ્રસન્નતા મેળવવા માટે આજનો દિવસ છે. ગુરુ તરીકે જો સાચો ગુરુ હોય તો હંમેશા ગુરુપૂર્ણિમા દિવસે - ગુરુપૂજનને દિવસે શુભાશિર્વાદ આપે, સાચી સમજ આપે અને સાચો માર્ગ બતાવે છે. સાથે સાથે ગુરુદક્ષિણામાં જો ગુરુને માંગવાનું આવે તો એવી વસ્તુ માંગે કે જેનાથી શિષ્યનું કલ્યાણ થાય.

શ્રીજીમહારાજે ગુરુદક્ષિણાની અંદર આપણા સર્વેને માટે થઈને ગુરુવર્ય રામાનંદ સ્વામીએ જેતપુરમાં જ્યારે ધર્મધુરા સોંપી ત્યારે ભગવાન શ્રીહરિએ આશીર્વાદના રૂપમાં બે વરદાન માંગી લીધા છે : (૧) જો મારા આશ્રિતના પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય, તે રામપત્તર મને મળો પણ સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય. અને (૨) જો તમારા આશ્રિતને એક વીંછીની વેદના થવાની હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીની વેદના થાઓ, પરંતુ સત્સંગીને તે થાઓ નહિ. આ બે વરદાન ભગવાન શ્રી સ્વામિનારાયણે રામાનંદ સ્વામી પાસે માંગેલા છે. તો શ્રીજીમહારાજના દિકરા તરીકે, તેઓના સ્થાન ઉપર બેસીને સૌથી પ્રથમ હું મહારાજ પાસે એ માંગું છું : ''હે હરિકૃષ્ણ મહારાજ ! એવી કૃપા કરો કે જેથી કરીને મારો જે સત્સંગ પરિવાર ખૂબજ સુખીયો થાય, ધન-સંપત્તિથી સમૃદ્ધ થાય, ધર્મ-પરાયણ થાય, મોક્ષનો ભાગી થાય અને આપની સેવામાં તે અખંડવૃત્તિ રાખીને રહે એવી પ્રાર્થના કરું છું.''

વિશેષમાં ધર્મની અંદર હંમેશા કટોકટી આવે છે, પરંતુ આ કટોકટીને શ્રીજીમહારાજ આપણી સાથે છે તેવી શ્રદ્ધા અને વિશ્વાસના બળથી જો ભગવાનનો ભક્ત કાર્ય કરે તેની ફતેહ થાય છે, સુખ થાય છે અને અલૌકિક લાભ થાય છે. તો ભક્તજનો આજના પવિત્ર દિવસે મારી સર્વેને એક જ ભલામણ છે કે, ગમે તે પરિસ્થિતિ આવે તો પણ ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા, તેમની ઉપાસના અને તેમણે બતાવેલો માર્ગ, એમની અંદર કોઈપણ રીતે વિઘ્ન ન આવે, કોઈપણ રીતે ફેર ન પડે અને તે પ્રમાણે વર્તન કરવાનો દૃઢાવ રાખજ્યો તો ભગવાન શ્રીહરિ તમારા ઉપર જરૂર રાજી થશે, એ મારી ગેરેન્ટી (વિશ્વાસ) છે. જેમ સર્ટીફિકેટ લેવું હોય તો પરિક્ષાઓ તો દરેકને આપવી પડે છે. તેમ મોક્ષનું સર્ટીફિકેટ લેવું હોય, સુખનું સર્ટીફિકેટ લેવું હોય, મહારાજના કૃપાપાત્ર બનવાનું જો સર્ટીફિકેટ લેવું હોય તો પરિક્ષા આપવી જ પડે છે. અમારે પણ આપવી પડે અને તમારે પણ આપવી પડે. અત્યારે વર્તમાનકાળનો જે સમય ચાલે છે તે આપણી પરિક્ષાનો સમય ચાલે છે તેમ માનવાનું છે. આપણે જે અભ્યાસ કર્યો છે, જે પ્રાપ્ત કર્યું છે, અમે જે તમને શીખવાડ્યું છે, મહારાજે અમોને જે સદ્‌બુદ્ધિ આપી છે તેનું વિશ્લેષણ કરીને સત્ય સિદ્ધાંતોને સમજાવવાનો પ્રયત્ન કરેલો છે, કદાચ કોઈને એમ લાગે કે મહારાજશ્રી કહે છે તે ખોટું કહે છે, શ્રીજીમહારાજે આવું ક્યાંય કહ્યું નથી. તો એક વાતને સમજી રાખજો કે આવું જો કોઈ વ્યક્તિ કહેતો હોય તેને માટે હું કોઈ વિરોધ કરતો નથી. હું તેમની સમજણની દાદ આપું છું. હું માનું છું કે એ વ્યક્તિ પોતાને રીતે મહારાજના સિદ્ધાંતના અર્થને સમજ્યો છે તે માટે તેમને મારી સમજણમાં ક્ષતિ દેખાય છે. કદાચ ક્ષતિ જો હોય તેમને પુરવાર કરે, તે માટે મારી જાહેરમાં ચેલેન્જ છે, ચર્ચા કરવા માટે હું તૈયાર છું. પરંતુ સત્ય નિચોડ જે છે તે જો આપણે સૈદ્ધાંતિક રીતે સ્વીકારવો હોય તો તેને સમજીને સ્વીકારવો પડે. અંધશ્રદ્ધા, અંધ વિશ્વાસ કે ગાડરીયા પ્રવાહની જેમ કોઈપણ વસ્તુ આપણે સ્વીકારીએ તો તે યોગ્ય નથી, સમજણપૂર્વક સ્વીકારવામાં આવે તે જ યોગ્ય છે. એટલા જ માટે શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે : ''ત્યાગી-ગૃહીનો કાંઈ મેળ નથી, જેમની સમજણ મોટી છે તે જ મોટો છે.''

સમગ્ર સંપ્રદાયમાં ધર્મની અંદર શ્રીજીમહારાજે દરેક જગ્યાએ અલગ-અલગ રીતે વાતો કરી છે, પરંતુ તે વાતોનો સમન્વય કરીને આપણે સમજવાનું છે. અને શ્રીજીમહારાજે એકબીજાની સાંકળ જોડેલી છે તે સાથે રાખીને કાર્ય કરવાનું છે. જેમ સાંકળની એક કડી સીધી હોય તો બીજી કડી ત્રાંસી હોય, ત્રીજી કડી ફરીને સીધી આવે તો જ સાંકળ બને, જો બધી કડી સીધી હોય તો કોઈ દિવસ સાંકળ બને નહિ. બધાએ આ અનુભવેલું હોય છે તેથી વધારે સમજાવાની જરૂર નથી. તેમ સંપ્રદાયની પણ એક સાંકળ છે, મહારાજે એક વખત પોઝીટીવ કહું હોય તો બીજી વખત નેગેટીવ કહ્યું હોય. તો

નેગેટીવ છે તે પોઝીટીવના રૂપમાં આવે છે તે વાતને સમજવાની છે.

આજના શુભ દિવસે દરેક ભક્તજનોને, સહુને અમારા અંતરની શુભકામના છે, શુભાશીર્વાદ છે. ગુરુ તરીકે આચાર્યપદ સાથે, અમારી ઉપર જે વિશ્વાસ રાખીને તમે બધા જોડાયેલા છો, શ્રીજીમહારાજના સિદ્ધાંતને વળગી રહેલા છો તેથી મહારાજ દરેકને સુખીયા કરે તેવી પ્રાર્થના કરું છું. શરીરથી હું દૂર છું, મન અને અંતરથી તમારી વચ્ચે છું, અને મારા બાળકો તમારી સાથે હંમેશા તમારા અંતરમાં રહેલો છું. એમાં મને વિશ્વાસ નથી એવી શંકા પણ થતી નથી. હું તમારા બધાના હૃદયમાં રહેલો છું, તમે આવો છો - જાવ છો, જે કાંઈ ભાવના વ્યક્ત કરો છો તે મને પૂર્ણ પહોંચે તેનો મને અનુભવ થાય છે. અને તે જ સાચી મારી કમાણી છે, તે જ મારી સાચી ગુરુદક્ષિણા છે, અને મહારાજે તમોને જે સદ્‌બુદ્ધિ આપી છે તેનો સદ્‌ઉપયોગ કરજો એટલી મારી ભલામણ છે. અને અંતમાં પરમકૃપાળુ ભગવાન શ્રી સ્વામિનારાયણ દરેક ભક્તજનોનું ખૂબજ મંગળ કરે, દરેક રીતે સુખીયા કરે અને ખૂબજ ધર્મ-પરાયણ કરે અને જે વફાદારીથી તમો અમારી સાથે સંબંધમાં રહ્યા છો, જે પદની સાથે તમે જોડાયેલા છો તે હંમેશા સિદ્ધાંતથી જોડાયેલા રહેવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરી વિરમું છું.



## પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ આપેલા શુભાશીર્વાદ...

અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દક્ષિણ વિભાગ અધિષ્ઠાતા દેવ વડતાલ વાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજની છત્રછાયામાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. સનાતન ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય સાંનિધ્યમાં આજના ગુરુપૂર્ણિમાના પર્વે અમારા ઘરને આંગણે ઉપસ્થિત વ્હાલા સર્વે સંતો, શ્રીજીના લાડીલા સર્વે હરિભક્તો અને સહુ આમંત્રિત મોંઘેરા મહેમાનો તેમજ સર્વે ધર્મપ્રેમી મોક્ષભાગી જીવાત્માઓ, સર્વેને અમારા ધર્મકુળ પરિવાર વતી હૃદયપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ...

આજનો પવિત્ર ગુરુપૂર્ણિમાનો દિવસ અમારા માટે મહત્ત્વનો એના કરતાં તમારા માટે વધુ મહત્ત્વનો છે, કારણ કે વર્ષના ૩૬૫ દિવસોમાંથી ૩૬૪ દિવસો તમારે સેવાના દિવસો છે, સમર્પણ થવાનો દિવસો છે, પરંતુ ગુરુપૂર્ણિમાનો દિવસ તમારા અધિકારનો દિવસ છે અને અમારા સમર્પણનો દિવસ છે. જે જ્ઞાન, સમજણ અને મોક્ષની પદવી પ્રાપ્ત કરવાની આપણા સહુની મહેચ્છાને પૂર્ણ કરવા માટે જીવાત્માની જે યોગ્યતા કેળવાય છે, તે યોગ્યતા કેળવવા માટેનો જે પુરુષાર્થ તે ૩૬૪ દિવસ ચાલે છે. 'ગુરુ' શબ્દ બહુ જ નાનો છે, ફક્ત બે અક્ષરનો છે. પરંતુ તેની વિશેષતા શાસ્ત્રોમાં ઘણી બતાવી છે. શ્રીમદ્ સત્સંગિજીવનમાં લખ્યું છે :- 'दियते विमलं ज्ञानं क्षियते कमले वासना ।' જે વાસનાના બંધનને તોડી શકે છે તે જ સાચો ગુરુ છે. આ સંસારમાં જીવાત્માને બંધન કરનાર જો કોઈ હોય તો બે વાત તેમને બંધન કરે છે. (૧) પોતાના કર્મ બંધન કરે છે કે, 'अवश्यमेव भोक्तव्यं कृतकर्म शुभाशुभं ।' જીવાત્માએ કરેલા શુભ અને અશુભ કર્મો તેમને ભોગવવા પડે છે તેનું બંધન થાય છે. અને (૨) વાસનાનું બંધન થાય છે એટલે માયાનું બંધન થાય છે, જેને આપણે મોહ કહીએ છીએ.

આ સંસારની અંદર, આ પંચવિષયની અંદર જીવાત્માને માન-મોટપ આદિક માયાના જે પ્રકારો તેમાં મોજ આવે છે. તેમાં જીવાત્માને મોહ થાય તેજ બંધન. આ બંને બંધનો જીવાત્માના મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનાર છે. તે ભક્તિ માર્ગમાંથી ચલિત કરનારા છે, તે કલ્યાણના માર્ગથી અધઃપતન કરાવનારા છે. એ જે ભય છે તેમાંથી જો કોઈ મુક્તિ આપતું હોય, તેમાંથી રક્ષણ કોઈ આપતું હોય, આવા ભયમાંથી કોઈ રક્ષણ કરતું હોય એવું જે તત્ત્વ તેને આપણે પરમગુરુ કહીએ છીએ. અને આપણા સંપ્રદાયની અંદર સર્વોપરી પરમગુરુનું સ્થાન પ્રાપ્ત થયું હોય તો તે વડતાલના ૧૮માં પ્રમાણે તમારો સર્વેનો આચાર્યને ગુરુ અને ઉપદેષ્ટા એવો જે હું છું. એમ શ્રીજીમહારાજ કહે છે. અને તે માટે આપણે મંગળાચરણની સ્તુતિ બોલીએ છીએ : 'भवसंभवभीतिभेदनं सुखसंपत्करुणानिकेतनं । व्रतदानतपःक्रियाफलं सहजानंद गुरुं भजे सदा ।।' સમગ્ર સંપ્રદાયના સર્વોપરી ગુરુ કોઈ હોય તો તે ભગવાન શ્રી સ્વામિનારાયણ છે.

સત્સંગી થવાનું જે પહેલું પગથીયું શરણાગત મંત્ર લઈએ છીએ તે કોની પાસે સ્વીકારીએ છીએ તે અતિ મહત્ત્વનું છે. કારણ કે ભક્તિમાર્ગમાં બે પાત્ર આવે છે, કોઈ દિવસ ત્રીજું પાત્ર આવતું નથી. એક ભગવાન અને બીજું ભક્ત, આ બે જ પાત્ર છે. આ સનાતન વૈદિક હિન્દુ ધર્મની પરંપરા છે. વિશિષ્ઠાદ્વૈત, અદ્વૈતાદ્વૈત મત કે શાંકર્ય, શિવ, શક્તિ, નિમ્બાર્ક, વૈષ્ણવ, રામાનુજ, રામાનંદ વગેરે કોઈપણ સંપ્રદાયના સિદ્ધાંતના મતોમાં દૃષ્ટિ કરશો તો તેમાં બે તત્ત્વ મળશે. એક ભગવાન અને બીજો ભગવાનનો ભક્ત. એક આરાધ્ય

અનો
એક આરાધક છે. આ બે તત્ત્વને જે જોડનાર છે તેનું
નામગુરુ. તત્ત્વ બે જ છે, ગુરુને પકડવાથી કે ગુરુનો મહિમા આપણે
સમજીએ છીએ તેને વળગીને જો રહીએ તો કદાચ ભગવાન ભૂલાય જાય છે. એટલા માટે
આપણા સંપ્રદાયમાં શુદ્ધ ઉપાસના રીતિ ભગવાન શ્રીહરિએ સ્વયં સ્થાપેલી છે. તે માટે 'सहजानंद गुरु भजे सदा ।' સર્વોપરી ગુરુ કોઈ હોય તો તે ભગવાન શ્રી સ્વામિનારાયણ છે. એ પરંપરા આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ, આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ, આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ, આચાર્ય શ્રી શ્રીપ્રતિપ્રસાદજી મહારાજ, આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજ, આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજ અને એ જ પરંપરા આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજે હંમેશા રાખેલી છે.

કાળ-માર્યા-પાપ-કર્મના બંધનને તોડનારા એવા ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સ્થાનમાં જે આચાર્યોની સ્થાપના કરી છે, આચાર્યની પરંપરામાં જે મહારાજે કહ્યું છે : 'एतयोश्चैतद्वंश्यानां करिष्यन्ति य आश्रयम् । तान् कृष्णो भगवान् धाम देहान्ते नेष्यति स्वकम् ।।' આ મારા બંને પુત્રો તથા આ વંશમાં થનારા ગુરુપદમાં રહેલાઓનો આશ્રય જે કરશે તે ભક્તોને અમો દેહાંતે ધામમાં લઈ જશું. (શ્રીમદ્ સત્સંગિજીવન : પ્ર. ૪, અધ્ય. ૪૦, શ્લો. ૩૯) આ મહારાજના વચનનો વિશ્વાસ છે. અને વિશ્વાસના બળે કરીને આજે શ્રીહરિકૃષ્ણ મહારાજનું પૂજન-અર્ચન કરીને આપણે તેમના સ્થાને બિરાજમાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના પૂજનનો લાભ લીધો.

પ.પૂ. મહારાજશ્રી કહ્યું તેમ સત્સંગમાં સત્કર્મની અંદર પરિક્ષા હંમેશા આવતી હોય છે. જે ઊંચી પદવી તેટલી ગંભીર પરિક્ષા. જેમ પહેલા ધોરણની પરિક્ષા પાસ કરવાની હોય તો તે પ્રમાણે પેપર આવે, અને ડીગ્રી લેવી હોય કે એનાથી વિશેષ પદવી મેળવવી હોય તો તે પ્રમાણે મહેનત અને પરિક્ષા આપવી પડે છે. તેમ આપણે અનંતકોટિ બ્રહ્માંડ અધિપતિ ભગવાન શ્રીહરિને પામવાની જો વાત કરતા હોઈએ તો તે પામવા માટેનો અનુભવ આપણને હોવો જોઈએ. અને તે અનુભવ શ્રીજીમહારાજ આપણને કરાવે છે. આવા અનુભવ થતાં હોય ત્યારે ભક્તિના માર્ગમાં કોઈ દિવસ હિંમત ન હારવી જોઈએ. શાસ્ત્રોમાં ઘણા પ્રસંગો છે કે ભક્તિના ને ધર્મના માર્ગ ચાલ્યા તેને અતિ વિપરીત પરિસ્થિતીમાંથી પસાર થવું પડ્યું છે. જ્યારે રાવણ, કંસ અને દુર્યોધન આદિકને સમજાવવામાં આવ્યા ત્યારે તેઓ અહંકારથી કહેતા કે એ વનવાસીઓ, એ પાંડવો અમારું શું બગાડવાના છે. આ તો ત્રેતાયુગ, દ્વાપરની વાત થઈ. પરંતુ કળિયુગમાં મહાત્મા ગાંધીજીએ આઝાદીની લડત શરુ કરી ત્યારે અંગ્રેજો કહેતા કે એમ નાગા ભૂખ્યા રહેવાથી રાજ થોડા લેવાતા હશે. પરંતુ એક નિષ્ઠા અને વિશ્વાસ-શ્રદ્ધાથી ગાંધીજીએ ઉઘાડાં શરીરે, ભૂખ્યા રહીને ભારતને આઝાદી અપાવી છે. તેમ મને વિશ્વાસ છે શ્રીહરિકૃષ્ણ મહારાજની આજ્ઞામાં અને તેમના સિદ્ધાંતોમાં, વિશ્વાસ રાખીશું તો શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં જરૂર શાંતિ અને ક્રાંતિ સ્થપાશે. આ જ યુગમાં, આ જ પેઢીમાં એનો લાભ મળશે.

આજના દિવસે અમો શુભકામના કરીએ છીએ કે તમારા સહુ ભક્તજનોની જે હૃદયની ભાવના છે તેને ભગવાન શ્રી સ્વામિનારાયણ ચોક્કસપણે સ્વીકારે. આજે સમગ્ર ધર્મકુળ પરિવારના શ્રીહરિકૃષ્ણ મહારાજથી લઈને આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સુધીના તમામ પરિવાર વતી તમારી ભાવનાને માથે ચડાવીએ છીએ અને તમારી ભક્તિ શ્રીજીમહારાજ સુધી પહોંચે તેવી પ્રાર્થના કરીએ છીએ.



## પ.પૂ. નાનાલાલજી શ્રી પૂષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું મંગળ ઉદ્બોધન....

પરમકૃપાળુ અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ વડતાલ મધ્ય બિરાજમાન શ્રીહરિકૃષ્ણ મહારાજ, દક્ષિણ વિભાગ શ્રી લક્ષ્મીનારાયણદેવ ગાદી શોભાવતા પૂ. પિતાશ્રી, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ.પૂ. બાપુજીની આજ્ઞા પ્રમાણે સિદ્ધાંતો માટે, સિદ્ધાંતોના પુનઃ સ્થાપન માટે તત્પર રહેલા પ.પૂ. મોટાભાઈશ્રી, સંપ્રદાયની દીક્ષા ચુંદડી ઓઢેલી એવા સંતો તથા સહજાનંદી સિંહ સમાન સર્વે વ્હાલા ભક્તજનો...,

આજનો ગુરુપૂર્ણિમાનો ખૂબજ સુંદર પર્વ છે. આજનો દિવસ એ પોતાના ગુરુની સમક્ષ, ગુરુના ચરણોમાં આપણી ભક્તિ-શ્રદ્ધા વગેરે અર્પણ કરવાનો દિવસ છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને મોક્ષનો સંપ્રદાય કહેવામાં આવ્યો છે, ભગવાન શ્રી સ્વામિનારાયણે સાચી શ્રદ્ધા અને સાચી ભક્તિને સંપ્રદાયની અંદર પ્રાધાન્ય આપ્યું છે. માટે એક પરમાત્માની ભક્તિ એજ મોક્ષનો માર્ગ છે તેમ શ્રીજીમહારાજે બતાવ્યું છે.

આજના મંગળ દિવસે ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીચરણોમાં પ્રાર્થના કરું છું કે, અમારા સર્વે હરિભક્તોને જે ભક્તિ કરવાની શક્તિ અને નિષ્ઠા છે તેને દિવસે ને દિવસે વૃદ્ધિ પમાડે, સર્વેનું મંગળ થાય તેવી પ્રાર્થના સહ જય શ્રી સ્વામિનારાયણ...



# સત્સંગ સમાચાર પત્રિકા

અહેવાલ :- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી-વડતાલ તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

## ચાંદગઢ ગામને આંગણે યોજાયેલ નૂતન મંદિરનો ખાતમુહૂર્તવિધિ મહોત્સવ

અમરેલી જિલ્લાના ચાંદગઢ ગામને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો ખાતમુહૂર્તવિધિ મહોત્સવ તા. ૨૭-૭-૦૭ના રોજ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે અમરેલીથી પૂ. સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી તથા સરધારથી પૂ. આનંદસ્વરૂપદાસજી તથા પૂ. બાલમુકુંદદાસજી સ્વામી વગેરે સંતો પધાર્યા હતા. સવારે શુભ મુહૂર્તમાં શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે નૂતન મંદિરનું ખાતમુહૂર્ત પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી પૂ. સંતોના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ નૂતન મંદિરનું બાંધકામપૂ. સ્વામીશ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે કરવામાં આવશે.

## વસઈ(મુંબઈ)માં પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં યોજાયેલ ભવ્ય દ્વિમાસિક સત્સંગ સભા

ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સંકલ્પથી દર બે માસે મુંબઈના અલગ અલગ વિસ્તારોમાં ભવ્ય સત્સંગ સભાનું આયોજન ત્યાં વસતાં હરિભક્તો દ્વારા કરવામાં આવે છે અને હજારો ભક્તો ભેગાં થઈને પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ પૂ. સંતોની દિવ્ય અમૃતવાણી-દર્શનનો લાભ લઈ આ માયાવી નગરીના પાશથી બચવા સતત પ્રયત્નશીલ રહે છે.

તા. ૧૨-૮-૦૭ના રોજ મુંબઈનગરીના વસઈ ખાતે સૌપ્રથમવાર પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં ભવ્ય દ્વિમાસિક સત્સંગ સભા રાખવામાં આવી હતી.

સાંજે ૪.૦૦ કલાકે વસઈ શહેર મુખ્ય માર્ગથી લઈને સભાસ્થાન સુધી પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા વિશાળ જનસમુદાયની સાથે કાઢવામાં આવી હતી. ત્યારબાદ દ્વિમાસિક સત્સંગ સભા મંચમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. ત્યારબાદ પૂ. વડીલ સંતો અને મુંબઈ શહેર અગ્રણી અને પ્રતિષ્ઠિત ભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળા અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ પૂ. વડીલ સંતો-ભક્તોના પ્રાસંગિક ઉદ્‌બોધન પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને ભગવાનનો મહિમા સમજાવીને આશીર્વાદની અમૃતવર્ષા વરસાવી હતી. ત્યારબાદ સૌ કોઈ ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સમીપ દર્શનનો લ્હાવો લીધો હતો.

અંતમાં ઠાકોરજી તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીની આરતી ઉતારી સભાની સમાપ્તિ કરવામાં આવી હતી. પછી સહુ ભક્તજનો ઠાકોરજીનો મહાપ્રસાદ આરોગી છૂટા પડ્યા હતા.

## પવિત્ર ચાતુર્માસમાં યોજાયેલ વિવિધ સ્થળોએ કથા-પારાયણો

સર્વોપરી ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી સરધારનિવાસી **પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના કૃપાપાત્ર શિષ્ય **સ્વામી શ્રી નિષ્કામસ્વરૂપદાસજી**ના વક્તાપદે પવિત્ર ચાતુર્માસમાં વિવિધ સ્થળોએ કથા-પારાયણો પારાયણોનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વક્તાશ્રીએ શ્રીજીમહારાજના લીલાચરિત્રોની સાથે સંપ્રદાય મૂળભૂત સિદ્ધાંતો સમજાવીને ભક્તજનોને પ્રેરકબળ પ્રેર્યું હતું.

| તારીખ | તીથી | સ્થળ | કથા-પારાયણ |
|---|---|---|---|
| ૩-૮-૦૮ થી ૭-૮-૦૮ | અષાઢ સુદ ૫ થી ૯ | સુણાવ (જી. આણંદ) | પરચા પ્રકરણ |
| ૮-૮-૦૮ થી ૧૨-૮-૦૮ | અષાઢ સુદ ૧૦ થી ૩૦ | સોજીત્રા (જી. આણંદ) | પરચા પ્રકરણ |
| ૧૩-૮-૦૮ થી ૧૯-૮-૦૮ | અષાઢ વદ - ૧ થી ૬ | નવસારી | શ્રીમદ્ સત્સંગિજીવન |

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ બાળ સંસ્કાર મંડળ - મલાડનો

# ।। ૨૯ મો વાર્ષિકોત્સવ - ૨૦૦૭ ।।

**અધ્યક્ષ :-** પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ

**તારીખ :-** ૦૯-૦૯-૦૭ રવિવાર, શ્રાવણ વદ - ૧૩

**સમય :-** સવારે ૯ થી સાંજના ૭ સુધી

આ મહોત્સવની સાથે સાથે મુંબઈ પરાવિસ્તાર યોજાતી ।। ભવ્ય દ્વિમાસિક સત્સંગ સભા ।। નું આયોજન કરવામાં આવેલ છે.

**સંપર્ક :-** કો. સ્વા. નિત્યસ્વરૂપદાસજી મો. ૯૮૧૯૯ ૯૧૧૬૪. શ્રી મનુભાઈ સિદ્ધપુરા મો. ૯૩૨૨૨ ૭૯૬૦૪. શ્રી નાથાભાઈ વાઘેલા મો. ૯૮૨૦૧ ૬૧૪૫૬

**સ્થળ :-** 'ભુરાભાઈ આરોગ્ય હોલ' કાંદિવલી (વેસ્ટ)

## પવિત્ર શ્રાવણ માસમાં ચાલો અમરેલી...

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - અમરેલી દ્વારા સૌપ્રથમવાર આયોજીત

# ।। શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર ।।

| -: પ્રારંભ :- | -: પ્રયોજક :- | -: પૂર્ણાહુતિઃ- |
|---|---|---|
| તા. ૩-૯-૦૭ શ્રાવણ વદ - ૭ | પૂ. સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી - વડતાલ (હાલ-અમરેલી) | તા. ૭-૯-૦૭ શ્રાવણ વદ - ૧૧ |

**આયોજક :-** શ્રી સ્વામિનારાયણ મંદિર, પાણી દરવાજા, અમરેલી. ફો.નં. ૦૨૭૯૨ - ૨૨૦૫૦૧, ૨૨૪૧૩૩

## ચાલો શ્રીહરિ મંદવાડ ગ્રહણ સ્થાન વરજાંગ જાળિયા...

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - વરજાંગ જાળિયા દ્વારા આયોજીત નૂતન શિખરબધ્ધ મંદિરના લાભાર્થે

# ।। શ્રીમદ્ ભક્ત ચિંતામણી સપ્તાહ પારાયણ ।।

| -: પ્રારંભ :- | :: વક્તા :: | -: પૂર્ણાહુતિઃ- |
|---|---|---|
| તા. ૫-૯-૦૭ શ્રાવણ વદ - ૯ | પૂ. પુરાણી સ્વામી શ્રી શ્રીહરિદાસજી (કોઠારીશ્રી) | તા. ૧૧-૯-૦૭ શ્રાવણ વદ - ૩૦ |

**આયોજક :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - વરજાંગ જાળિયા, તા. ઉપલેટા, જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૨૬ - ૨૮૨૪૮૦

## ચિંતનના ગ્રાહકોને નમ્ર અપીલ સહ વિનંતી

વ્હાલા ભક્તજનો ! ચિંતન સામયિકમાં જે એક વર્ષનું લવાજમ સ્વીકારવામાં આવતું હતું તે બંધ કરવામાં આવેલ છે. તે માટે કોઈએ પણ મનીઓર્ડર યા કોઈપણ પ્રકારે એક વર્ષનું લવાજમ મોકલવું નહિ. ફક્ત પાંચ વર્ષ અને આજીવનનું લવાજમ સ્વીકારવામાં આવે છે, જેની દરેક સભ્યશ્રીઓએ નોંધ લેવી. વિશેષમાં આપને જો ચિંતન સમયસર ન મળતું હોય તો તમારા નજીકના પોસ્ટ ઓફિસમાં સંપર્ક સાધીને જ ચિંતન કાર્યાલય - સરધારમાં જાણ કરવી. જાણ કરતા સમયે આપનો ગ્રાહક નંબર જણાવવાનો રહેશે. અને આપના નામ-સરનામાના ફેરફાર અંગે અન્ય સંતો-ભક્તોને ન જાણ કરતા ફક્ત 'ચિંતન કાર્યાલય - સરધાર'નો જ સંપર્ક સાધવા આગ્રહ રાખવા વિનંતી.

# શ્રીજીપ્રસાદિભૂત તીર્થધામ સરધારને આંગણે
# દિપાવલીના શુભ અવસર ઉપર ધનતેરશથી લાભપાંચમ સુધી

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષપદે બારમી

# ।। શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી ।।

**પ્રયોજક :-** પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ - સરધાર)

**સ્થળ :-** 'શ્રી સ્વામિનારાયણ બાગ' શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩

દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

# અભયદાન સત્સંગ સભા

**સરધાર :-** તા. ૨-૯-૦૭, શ્રાવણ વદ - ૬, રવિવાર સવારે ૯ થી ૧૨

**રાજકોટ :-** તા. ૨૫-૭-૦૭, શ્રાવણ સુદ - ૧૨, શનિવાર, રાત્રે ૯ થી ૧૧

**સંપર્ક :-** મહેન્દ્રભાઈ પાટડીયા મો. ૯૪૨૬૨ ૨૯૫૫૮, કરશનભાઈ ઢાંકેચા મો. ૯૪૨૬૭ ૮૧૧૭૯









।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।





## આજે જ આપના
## ઘરમાં વસાવો...તદ્દન નવું પ્રકાશન

સરધારધામને આંગણે આગામી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે વડતાલ પીઠાધિપતિ
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮
શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી પ્રકાશિત

# ।। શ્રીમદ્ સત્સંગિજીવન ।।

**સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા વિરચિત, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો**
**મહાન સમ્રાટ ગ્રંથ (મૂળ શ્લોક સહિત ગુજરાતી ભાષાંતર)**

પ્રયોજક :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

**ભાગ : ૧-૨, પ્રકરણ : ૧ થી ૫, પડતર કિંમત :** રૂ. ૪૦૦/-

**સૌજન્ય પ્રાપ્ત થતા વેંચાણ કિંમત :** રૂ. ૨૫૦/- (બંને ભાગ સાથે)

**પ્રસિદ્ધ કર્તા :** શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન
**વડતાલ વતી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર,**
**ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭ ૫૮૫૦૩**

**ખાસ નોંધ :-** વ્હાલા ભક્તજનો, શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથ પ્રકાશિત થઈ ચૂક્યો છે. આ ગ્રંથમાં જેમણે એક હજાર રૂપિયા ભરીને સહયોગ આપ્યો હતો તેવા દાતાશ્રીઓને ગ્રંથ મેળવવા માટે સરધાર મંદિરનો સંપર્ક સાધવા વિનંતી.

Shree Swaminarayan Chintan, August -2007 Reg. No. GRJ - 517, Valid upto 31-12-08, RNI No. GUJGUJ10785/06/1/03 - TC



1



2



3



4

**વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય સાંનિધ્યમાં રઘુવીરવાડી-વડતાલ ખાતે ઉજવવામાં આવેલ ભવ્ય 'ગુરુપૂર્ણિમા મહોત્સવ - ૨૦૦૭'**

૧. શ્રીહરિકૃષ્ણ મહારાજનું ષોડ્શોપચારથી પૂજન-અર્ચન કરીને આરતી ઉતારતા બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૨. સભામાં દિવ્ય રૂપે બિરાજમાન પ.પૂ. ધ.ધુ. સનાતન ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આરતી ઉતારતા બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩/૪. સર્વોત્કર્ષપણે બિરાજમાન પરમગુરુ વડતાલવાસી શ્રી હરિકૃષ્ણ મહારાજનું હૃદયના શુદ્ધભાવથી પૂજન-વંદન કરીને રઘુવીરવાડી ખાતે હજારોની સંખ્યામાં દક્ષિણ વિભાગ દેશમાંથી પધારેલ વિશાળ હરિભક્ત સમુદાય.

છબીકલા : પાર્ષદ સુહૃદ ભગત - સરધાર

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Shree Swaminarayan Temple - Sardhar and Printed at Sahajanand Press, 80 Feet Road, Rajkot. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Divyaswarupdas

Shreeji Art (079) 32928299, 9879606686



1



2



3



4



5



6



7



8

**વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય સાંનિધ્યમાં રઘુવીરવાડી-વડતાલ ખાતે ઉજવવામાં આવેલ ભવ્ય 'ગુરુપૂર્ણિમા મહોત્સવ - ૨૦૦૭'**

૧. વડોદરાની સભા જીતવા માટે સદ્. શ્રી મુક્તાનંદ સ્વામીને શ્રીજીમહારાજે આપેલ બાળલાલજી અને દિવબંદરના પ્રેમબાઈને પૂજવા માટે આપેલ બાળલાલજીનો અભિષેક-પૂજન-અર્ચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૨. શ્રીહરિકૃષ્ણ મહારાજને ચામર ઢોળતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩/૪. ધર્મકુળ પરિવારનું પૂજન-અર્ચન અને આરતી ઉતારતા પૂ. વડીલ સંતો-હરિભક્તો. ૫. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સરધાર મંદિર દ્વારા પ્રકાશિત શ્રીમદ્ સત્સંગિજીવનનું વિમોચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૬. પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય અમૃતવાણીની વી.સી.ડીનું વિમોચન કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી. ૭. ભક્તજનોને મંગળમય ઉદ્બોધન આપતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી. ૮. ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે દેશદેશાતંરથી પધારેલ વિશાળ ભક્તસમુદાય ઉપર અમીવર્ષા કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.




## વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસ્વીર દર્શન

૧. અમરેલી જિલ્લાના ચાંદગઢ ગામમાં પ. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી નૂતન મંદિરનું ખાતમુહૂર્ત કરતા પૂ. ભક્તિસંભવદાસજી સ્વામી - અમરેલી તથા પૂ. આનંદસ્વરૂપદાસજી સ્વામી - સરધાર વગેરે સંતો-ભક્તો. ૨. સરધારમાં સુશોભિત હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. સરધાર સભામંડપમાં બિરાજમાન ઠાકોરજીને આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૪. ડોંબીવલી (મુંબઈ) મંદિરમાં ફુલોના શણગારથી સુશોભિત હિંડોળામાં ઝુલતા શ્રીહરિકૃષ્ણ મહારાજ. ૫/૬. વસઈ (મુંબઈ) ખાતે યોજાયેલ દ્વિમાસિક સત્સંગ સભા અંતર્ગત શોભાયાત્રામાં દર્શન આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા શોભાયાત્રામાં જોડાયેલ ભક્તસમુદાય. ૭/૮. વસઈ (મુંબઈ) ખાતે યોજાયેલ દ્વિમાસિક સત્સંગ સભામાં ભક્તજનો પર અમૃતવચનોથી અમીવર્ષા કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા અમૃતવાણીનો લાભ લેતા વિશાળ હરિભક્ત સમુદાય. ૯. ન્યૂજર્સી (યુ.એસ.એ.)માં વિશાળ યુક્રેનીયલ હોલ યોજાયેલ પૂ. સ્વામીશ્રીની સત્સંગ સભા. ૧૦. કેનેડામાં સનાતન હિન્દુ મંદિરમાં સત્સંગ સભામાં હરિભક્તોને કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામીશ્રી તથા પૂ. સંતો. ૧૧. હ્યુસ્ટન (યુ.એસ.એ.)માં યોજાયલે પૂ. સ્વામીશ્રીની સત્સંગ સભા. ૧૨. ડલાસ (યુ.એસ.એ.)માં યોજાયલે પૂ. સ્વામીશ્રીની સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ લેતા હરિભક્તો.